
# વિશ્વવિહાર

વર્ષ : 25 * અંક : 11 * ઑગસ્ટ 2023 * કિં. ₹ 15



**શ્રી અમિત અંબાલાલને**
**ચિત્રકાર શ્રી પ્રફુલ્લ દવે કલાપ્રતિભા ઍવૉર્ડ અર્પણ કરતા**
**સમારંભના પ્રમુખ શ્રી કાર્તિકેય સારાભાઈ તથા અન્ય મહાનુભાવો**







વિશ્વકોશના માતૃભાષા સંવર્ધન કેન્દ્રના ઉપક્રમે ચાલતા ભાષાશુદ્ધિના વર્ગમાં
વક્તવ્ય આપતા રતિલાલ બોરીસાગર અને પિંકી પંડ્યા


ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે,
ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : અજય ઑફસેટ,
સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org

છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-

લવાજમ : ‘ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ’ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.

વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)


[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# વિશ્વકોશના માર્ગદર્શક મહામાનવની વિદાય



શ્રી સી. કે. મહેતા

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના અગ્રગણ્ય ટ્રસ્ટી, સાહિત્ય, કલા અને સંસ્કૃતિના સંવર્ધનના વિશ્વકોશના કાર્યમાં સતત રાહબર એવા આદરણીય શ્રી સી. કે. મહેતાસાહેબનું ૩ જુલાઈ, ૨૦૨૩ના રોજ અવસાન થયું. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની અનેકવિધ પ્રવૃત્તિઓના તેઓ પ્રણેતા હતા. એમને જ્યારે જ્યારે હું મળવા જતો, ત્યારે વિશ્વકોશની પ્રવૃત્તિઓ વિશે ઊંડો રસ લઈ માહિતી પ્રાપ્ત કરતા અને પછી નિઃસ્પૃહભાવે કહેતા, 'આવી કોઈ પ્રવૃત્તિનો મને લાભ આપો.' એમણે આપેલા આર્થિક સહયોગથી વિશ્વકોશના ઘણા નવા આયામો સર્જાયા, પરંતુ ક્યારેય એમણે સહયોગ આપ્યો છે એવો ભાવ પણ પ્રગટ કર્યો નથી. દાન આપીને, મદદ કરીને ભૂલી જવું એ એમના સ્વભાવમાં હતું. દીપક નાઇટ્રેટના ચૅરમૅન અને અત્યંત સફળ ઉદ્યોગપતિ હોવા છતાં એમના ચહેરા પર હંમેશાં માનવીય લાગણી અને સ્નેહના ભાવો જ તરવરતા જોવા મળતા. એમણે કેટલીય સંસ્થાઓની વ્યક્તિઓને સાથ આપ્યો છે, પણ એ દાનની વાત કોઈનેય કરી નથી અને એવું ગુપ્તદાન ઘણું મોટું છે.

અમારો સંબંધ લગભગ ૨૦૦૧થી. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે કૉલકાતામાં વિશ્વકોશના ૨૨મા ખંડનો વિમોચન સમારોહ યોજવાનું નક્કી કર્યું. અમે સહુએ શ્રી સી. કે. મહેતાને અતિથિવિશેષ તરીકે આવવા માટે નિમંત્રણ આપ્યું અને ૨૦૦૭માં કૉલકાતામાં યોજાયેલા સમારંભમાં એમણે અતિથિવિશેષ પદ શોભાવ્યું. એ સમયે મેં કહ્યું કે મારી ઇચ્છા એવી છે કે અમદાવાદમાં એક એવી વ્યાખ્યાનશ્રેણી યોજવી કે જેમાં જુદા જુદા વિષયના તજ્જ્ઞોને નિમંત્રણ આપવું, કાર્યક્રમ સમયસર શરૂ કરવો અને વક્તાને પોતાની વાત કરવાની પૂરી મોકળાશ આપવી. હજી મારી આ વાત પૂરી થાય એ પહેલાં એમણે કહ્યું કે, 'તમે શરૂ કરો. બહુ સરસ વાત છે. એને માટે જે કંઈ રકમ આપવાની હોય તે હું આપી દઈશ.'

મેં કહ્યું, 'આપણે આ વાત સભાગૃહમાં શ્રોતાજનોને કહીશું.' એમણે સંમતિ આપી નહીં અને જ્યારે વ્યાખ્યાનશ્રેણી શરૂ કરવાની થઈ, ત્યારે એનું નામ શું રાખવું તે અંગે પણ ચર્ચા કરી, તો એમણે 'ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી' એવું નામ આપવાનું કહ્યું. પોતાનું નામ નહીં, પણ ગુરુનું નામ. પંન્યાસ પ્રવર્તક શ્રી

ભદ્રંકરવિજયજી એમના આરાધ્ય ગુરુ હતા અને એમના જીવનને ઉચ્ચ જીવન બનાવનારા આદર્શ મહાત્મા હતા. આજે 'ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી'માં ૪૦૦થી વધુ વ્યાખ્યાનો યોજાયાં છે અને દર મહિને બે વ્યાખ્યાન યોજવામાં આવે છે.

એ પછી એક વાર વિશ્વકોશની ટ્રસ્ટીમંડળની મિટિંગમાં તેઓ આવ્યા અને આદરણીય ધીરુભાઈ ઠાકરને જોઈને એમણે કહ્યું, 'કુમારપાળ, આ તો ઋષિ છે. એમના નામનો કોઈ ઍવૉર્ડ જાહેર કરીએ અને એનો લાભ મને આપજો.'

શ્રી ધીરુભાઈ ઠાકરના નામ સાથે આ ઍવૉર્ડ જોડવાની વાત હતી, પરંતુ એ સમયે ધીરુભાઈએ પોતાનું નામ રાખવાની ઘસીને ના પાડી અને 'સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ' ૨૦૧૩થી શરૂ થયો, પરંતુ એમના અવસાન બાદ યોજાયેલી મિટિંગમાં એમની સ્મૃતિમાં પ્રતિવર્ષ કલાક્ષેત્રે ઉત્તમ પ્રદાન કરનાર ગુજરાતીને 'પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ' આપવામાં આવે તેમ નક્કી થયું. તાજેતરમાં જ રંગભૂમિ અને ટી.વી.ની અભિનેત્રી સરિતા જોશીને આ ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યો. એ ઉપરાંત વિશ્વકોશનું મુખપત્ર 'વિશ્વવિહાર' સુપેરે ચાલે તે માટે એમનો સહયોગ પ્રાપ્ત થયો અને સૌથી વિશેષ તો વિશ્વકોશના દૃશ્ય-શ્રાવ્યખંડ માટે એમણે સહયોગ આપ્યો જેને પરિણામે 'શ્રી સી. કે. મહેતા અને શ્રીમતી કાંતાબહેન મહેતા અનાહત ખંડ' તૈયાર થયો. તેને કારણે કોરોના કાળમાં પણ અનેકવિધ કાર્યક્રમો આ દૃશ્યશ્રાવ્ય ખંડ(સ્ટુડિયો)માંથી પ્રસારિત કરી શક્યા.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| વિશ્વકોશના માર્ગદર્શક મહામાનવની વિદાય | ૩ | કુમારપાળ દેસાઈ |
| 'લૅન્ડર' - હવે ઊતરો રાજ! | ૮ | ચિંતન ભટ્ટ |
| વસ્તી નિયંત્રણ ધારો | ૧૧ | પ્રવીણ ક. લહેરી |
| શરદી ! શરદી ! શરદી ! | ૧૪ | રતિલાલ બોરીસાગર |
| લોકમાનસના પરિવર્તનનો દસ્તાવેજ | ૧૭ | શ્રદ્ધા ત્રિવેદી |
| કારમાં 5G ટૅક્નૉલૉજીથી આવશે મોટું પરિવર્તન | ૧૮ | હર્ષ મેસવાણિયા |
| પુસ્તકપ્રેમીનો પુરુષાર્થ | ૨૧ | પ્રીતિ શાહ |
| ખબર નહીં, મારી જિંદગીમાં આ શું થવા બેઠું છે ! | ૨૩ | કૃષ્ણકાંત ઉનડકટ |
| અમિતભાઈનાં ચિત્રો અને પર્યાવરણ | ૨૬ | – |
| ભાષાસજ્જતા વર્ગોનું આયોજન | ૨૮ | અનિલ રાવલ |
| અસ્મિતા વિશેષ સંવાદ | ૨૯ | ભદ્રાયુ વછરાજાની |
| 'શ્રુત-સેવાની સુવાસ' ગ્રંથનું વિમોચન | ૩૩ | – |
| વિશ્વકોશવૃત્ત | ૩૪ | – |



**ગ્રંથ ૨૨નું વિમોચન કરતા શ્રી સ્વપન મજુમદાર, શ્રી સી. કે. મહેતા, શ્રી અમિતભાઈ શાહ, શ્રી ધીરુભાઈ ઠાકર, શ્રી કુમારપાળ દેસાઈ, શ્રી હર્ષદભાઈ દોશી**

જાણીતા વિવેચક શ્રી શિરીષ પંચાલે પાંચેક વર્ષના અભ્યાસને પરિણામે 'ભારતીય કથાવિશ્વ'ના પાંચ ભાગોનું સર્જન કર્યું. એ પછી આ મૂલ્યવાન ગ્રંથો જનસમૂહ સુધી પહોંચે તે માટે શ્રી હસમુખભાઈ શાહે શ્રી સી. કે. મહેતાને વાત કરી ત્યારે સી. કે. મહેતાએ આ સાહિત્યના પ્રચાર માટે પાંચ લાખ રૂપિયાનો આર્થિક સહયોગ આપવાનું નક્કી કર્યું, પણ એમણે સઘળી જવાબદારી ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને સોંપી અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે એનાં અમદાવાદ, ભાવનગર, સૂરત એમ જુદી જુદી જગ્યાએ આયોજનો કર્યાં. આનંદની વાત એ છે કે તેને પરિણામે આ મૂલ્યવાન ગ્રંથની મોટાભાગની નકલો વેચાઈ ગઈ હતી. વર્તમાન સમયમાં જ્યાં વાચનની ભૂખ ઘટતી જાય છે ત્યાં આ એક ચમત્કારરૂપ ઘટના ગણાય. શ્રી સી. કે. મહેતાસાહેબના વિશ્વકોશ અંગેના સંબંધની વાત સાથે એમના ઉચ્ચ જીવન તરફ દૃષ્ટિપાત કરીએ. એમનું જીવન એક સાર્થક અને સમૃદ્ધ જીવન હતું.

કપરા આર્થિક સંજોગો પાર કરીને આપબળે નીતિમત્તા અને સૂઝથી ઉદ્યોગનો વિકાસ કર્યો હતો અને દીપક નાઈટ્રેટને દેશની એક ઉત્તમ કંપની બનાવી હતી. એમના જીવનમાં અથાગ પરિશ્રમ જોવા મળે છે. તેઓ વ્યવસાય શોધવા માટે મુંબઈ આવ્યા. એમાં એક પછી એક મુશ્કેલી આવતી રહી. જોકે મુશ્કેલીઓ સાથે મહેતાસાહેબને પહેલેથી જ નાતો હતો, એથી સહેજે પીછેહઠ કર્યા વિના સતત પ્રયત્ન કરતા રહ્યા. પહેલાં સામાન્ય કામગીરી સ્વીકારી. પેટ્રોલ પંપ અને પ્રાઈવેટ બસ કંપનીમાં નોકરી કરી અને પછી શૂન્યમાંથી સર્જન થાય તે રીતે એમણે વ્યવસાયનો પ્રારંભ કર્યો. 'દીપક નાઈટ્રેટ લિમિટેડ' અને 'દીપક ફર્ટિલાઈઝર્સ ઍન્ડ કેમિકલ્સ લિ.' જેવી અગ્રણી હરોળની કંપનીઓનું સંચાલન કર્યું.

એમના સંચાલનમાં બે બાબત જોવા મળતી. એક એમની ત્વરિત કાર્યશક્તિ અને બીજી એમની સ્નેહભરી આંખોથી સામી વ્યક્તિના હૃદયમાં સ્થાન મેળવવાની ક્ષમતા. ઉદ્યોગના ક્ષેત્રમાં એવો રંગ જમાવ્યો કે ગુજરાતના શ્રેષ્ઠીવર્ય શ્રી કસ્તૂરભાઈ લાલભાઈના તેઓ અત્યંત પ્રિય બની ગયા. મહેતાસાહેબના ઉદ્યોગોમાં કસ્તૂરભાઈએ સતત સહયોગ આપવાની ઉત્સુકતા બતાવી. પોતાના વતન અમરેલીની મહેક એમણે



**વિશ્વખ્યાત સ્થપતિ બાલકૃષ્ણ દોશીને 'ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ' અર્પણ કરતા શ્રી સી. કે. મહેતા**

જીવનભર અનુભવી – પછી એ કાર્ય કોઈ ધર્મને અનુલક્ષીને હોય, શિક્ષણને અનુલક્ષીને હોય કે સુખાકારીને અનુલક્ષીને હોય. અમરેલીમાં વિશા શ્રીમાળીનું છાત્રાલય જે વર્ષોથી ભાડાના મકાનમાં ચાલતું હતું, તેને કોઈ પોતાનું મકાન નહોતું અને તેથી એને એની પ્રવૃત્તિઓમાં મુશ્કેલી રહેતી હતી. ચીમનભાઈએ સાડા પાંચ દાયકા પહેલાં છાત્રાલયનું સુકાન સંભાળીને એનું મકાન તો કરી આપ્યું, પણ એથીયે વિશેષ તો છાત્રાલયના સંચાલનમાં જે કંઈ ખોટ આવે તે પોતે આપી દેતા હતા.

૧૯૮૨ના વિનાશક વાવાઝોડા સમયે એમણે અમરેલીમાં કાર્યાલય ખોલીને રાહતકાર્ય કર્યું હતું. હોનારતનો ભોગ બનેલાઓને મદદ કરી હતી, ખેડૂતોને પશુ ખરીદવા માટે સહાય કરી હતી અને ચલાલા જેવા ગામના હરિજનવાસમાં મકાન બનાવીને ગરીબ અને જરૂરિયાતવાળા લોકોને રહેવા આપ્યાં હતાં.

એ જ રીતે 'રૂપાયતન' સંસ્થામાં સાતમા ધોરણનું શિક્ષણ અપાતું હતું, પણ હાઈસ્કૂલ તૈયાર થતી નહોતી, ત્યારે દીપક હાઈસ્કૂલનો ઉદ્ભવ થયો અને મહેતાસાહેબ રૂપાયતન સંસ્થાના વાલી અને સંરક્ષક બની ગયા. આ સંસ્થાએ ગુજરાતના શિક્ષણક્ષેત્રમાં એક આગવી નામના મેળવી. અમરેલીમાં ગૌશાળા કે પાંજરાપોળનું કાર્યાલય હોય કે પછી અન્ય સ્થળોમાં અન્નદાન, વિદ્યાદાન, તબીબી સહાય, અપંગ-અનાથ, વિધવા અને બેરોજગારને મદદ કરવાની હોય તો ત્યાં આ મેઘધનુષનો મજાનો રંગ એટલે એમની કરુણા પહોંચી જતી.

અમરેલીમાં એમણે બાલોદ્યાન સ્થાપ્યું અને એને પોતાના નિશાળના અભ્યાસકાળમાં સહાયરૂપ બનનારા પોતાના ગુરુ સ્વ. છોટુભાઈ વિઠલાણીનું નામ આપ્યું. એટલું જ નહીં, પણ બાલોદ્યાનમાં તેઓની અર્ધપ્રતિમા મૂકીને પોતાના વિદ્યાગુરુ પ્રત્યે ભાવ પ્રગટ કર્યો. એમની ઉપકારભાવના તો કેવી કે જેમ ગુરુને વંદન કર્યા એ જ રીતે જીવનના આરંભે મદદ કરનાર શ્રી શામળજી પુરુષોત્તમ સંઘવીને પણ ભૂલ્યા નહીં. અમરેલીની ગૌશાળાના મકાનનું નામ શ્રી શામળજી પુરુષોત્તમ સંઘવી ગૌસદન રાખ્યું. તેની પાછળનું મૂળ કારણ એટલું કે એમના પિતાના દેહાંત પછી ખૂણો પાળતી ને ચાર સંતાનોને મોટાં કેમ કરીશ તે વિચારથી મૂંઝાતી માતાને શ્રી શામળજીભાઈએ થોડો વખત ચાલે તેટલું અનાજ ઘરમાં ભરાવી દીધેલ. કોઈના ઉપકારને સ્મૃતિવંત રાખી કૃતજ્ઞતા દર્શાવવાની એમની ગુણસૌરભ અનેકના જીવનને સુવાસિત કરી ગઈ.

જ્યારે દીપક ફાઉન્ડેશન દ્વારા લોકકલ્યાણ, આરોગ્ય-શિક્ષણ, પરિવારકલ્યાણ,

કામદાર યોજના, મહિલા પ્રશિક્ષણ, જળસંગ્રહ જેવી કામગીરી કરી. વર્લ્ડ બૅન્કે વિશ્વ સમસ્તમાંથી ફક્ત ૨૦ કન્સલ્ટન્ટ પસંદ કર્યા, તેમાં દીપક ફાઉન્ડેશનને પણ એક કન્સલ્ટન્ટ તરીકે નીમ્યા.

તેઓ સાહિત્ય, ધર્મ અને સંસ્કૃતિની સંસ્થાઓને સહાય આપવા માટે હંમેશાં આતુર રહેતા. જાણીતા વિદ્વાન શ્રી રમણલાલ ચી. શાહના ગ્રંથો શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પ્રકાશિત થયા. એની સઘળી કિંમત મહેતાસાહેબે આપી હતી. એ ઉપરાંત 'પ્રબુદ્ધજીવન' સામયિકને, જૈન સાહિત્ય એકૅડેમીની પ્રવૃત્તિને તથા શ્રી મુંબઈ જૈન યુવક સંઘને સહાય કરી હતી.

એમની ગુરુભક્તિ દૃષ્ટાંતરૂપ ગણાય. ગુરુપૂર્ણિમાના દિવસે જ એમણે આપણી વચ્ચેથી વિદાય લીધી. એમની ધાર્મિકતા તો એવી કે પોતાના ગુરુ પંન્યાસ ભદ્રંકરવિજયજીને આપેલા વચન અનુસાર ૭૫મા વર્ષે વિશ્વમાં વિસ્તરેલો પોતાના ઉદ્યોગોનો કારભાર છોડી દઈને આત્મકલ્યાણના માર્ગના પથિક બની ગયા. એ પછી આધ્યાત્મિક જીવનની સાથોસાથ માનવસેવાનાં કાર્યો કરતા રહ્યા. પંન્યાસજી મહારાજની નોંધોમાંથી ૬૮ જેટલી 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' જેવી અવિસ્મરણીય આધ્યાત્મિક કૃતિઓના ઉત્તમ પ્રકાશનમાં સંપૂર્ણ સહયોગ આપ્યો. આ કેવું ભવ્ય જીવન ! આ જીવન આપણને પૂર્ણ અને સાર્થક જીવનની ઝાંખી આપે છે. એમની પ્રામાણિકતા, નિઃસ્પૃહતા, ધાર્મિકતા અને કાર્યદક્ષતા આપણને સહુને પ્રેરણાદાયી બની રહેશે. એ મહાન આત્માને વંદન.

**– કુમારપાળ દેસાઈ**

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. આપને ઘણા લાંબા સમયથી 'વિશ્વવિહાર' મોકલવામાં આવે છે. આપનું લવાજમ પૂરું થઈ ગયું હોય તોપણ કદાચ આપને 'વિશ્વવિહાર' મળતું હશે. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમત-ગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. આથી કદાચ તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481
Bank Name : Bank Of Baroda, Usmanpura Branch
IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

# 'લેન્ડર' - હળવે ઊતરો રાજ!

૧૪મી જુલાઈએ ઇસરોના બાહુબલી પ્રક્ષેપણયાન LVM-3(Launch Vehicle Mark 3)એ ચાંદની વાટ પકડી. ઇસરોની આ ત્રીજી ચંદ્રયાત્રા છે. ૨૦૧૯માં બીજી ચંદ્રયાત્રા વખતે શશીની સપાટી પર હળવેથી ઉતરાણ થઈ શક્યું ન હતું. એટલા પૂરતી આ યાત્રા આંશિક નિષ્ફળ ગઈ તેમ કહી શકાય. નિષ્ફળતાને સમજીને તેનું પૃથક્કરણ કરીને નિષ્ફળતા નિવારણના ઉપાય શોધી કાઢવામાં આવ્યા અને ચંદ્રયાન-૩માં એકવીસેક ફેરફાર કરવામાં આવ્યા. ચંદ્રયાન-૨માંથી શીખેલા પદાર્થપાઠને આધારે ચંદ્રયાન-૩ની સફળતા માટે આપણને પૂરેપૂરો વિશ્વાસ છે - શ્રદ્ધા છે. કોઈ પણ જાણીતા કે અજાણ્યા ગ્રહ કે ઉપગ્રહ પર નાજુક ઉપકરણો ઉતારવાનાં હોય તો તે હળવેકથી જ ઉતારવાં જોઈએ. આકાશી પિંડની કક્ષામાં ઊંચે પ્રદક્ષિણા કરતા યાનમાંથી ઉપકરણ સંકુલને (જેને લૅન્ડર પણ કહેવામાં આવે છે.) છોડી દઈએ તો ગુરુત્વાકર્ષણ બળને લીધે ઉપકરણોનો સંપુટ પ્રવેગિત થાય અને તે પિંડની સપાટી પર જોરથી પછડાય. પછડાટના આઘાતને લીધે ઉપકરણોને નુકસાન થાય અને તે કોઈ જ કામનાં ન રહે. વળી તે ઇચ્છિત સ્થિતિમાં જ ઊતરે તેની કોઈ જ ખાતરી હોતી નથી. માટે જ આકાશી પિંડ પર હળવેથી ઉતરાણ માટે ચોક્કસ પદ્ધતિ અપનાવવામાં આવે છે. કયા ગ્રહ (કે ઉપગ્રહ) માટે કઈ પદ્ધતિ અમલમાં મૂકવી તેનો આધાર મહદ્અંશે ગ્રહના ગુણધર્મો પર આધારિત છે.

આપણે આપણી લાડલી પૃથ્વીની વાત કરીએ તો અહીં લોકો મનોરંજન માટે આકાશી કૂદકો મારે છે. તેમાં ઊંચે વિમાનમાંથી પડતું મૂકવામાં આવે છે અને ધરતીથી એક ચોક્કસ અંતરે ઉપર હોઈએ ત્યારે હવાઈ છત્રી (પૅરાશૂટ) ખોલવામાં આવે છે. છત્રીમાં હવા ભરાતાં ગતિરોધ થાય છે અને અવરોહણ ગતિ ધીમી પડે છે. આ એક સતત ચાલતી ક્રિયા છે માટે અવરોહણ ગતિ પણ સતત ધીમી થતી જાય છે અને અંતે હળવેકથી ધરતીસ્પર્શ થાય છે. અહીં એક વાત સ્પષ્ટ છે કે પૃથ્વીના ગોળાના વાતાવરણને કારણે હવાઈ છત્રી પોતાનું કાર્ય સુપેરે પાર પાડે છે. જો અન્ય ગ્રહ પરનું વાતાવરણ પૃથ્વીના વાતાવરણ કરતાં ભિન્ન હોય તો પૅરાશૂટ તે ગ્રહ પર પૃથ્વી જેટલું જ કાર્યક્ષમ ન થાય. એક હાથવગું ઉદાહરણ લઈએ તો મંગળગ્રહ પર વાતાવરણ છે માટે ત્યાં હવાઈ છત્રીથી ઉતરાણ શક્ય છે પણ મંગળગ્રહનું વાતાવરણ પૃથ્વીના વાતાવરણ કરતાં ઘણું પાતળું છે. વાતાવરણના કદની વાત કરીએ તો તેનું કદ પૃથ્વીના વાતાવરણના એક ટકા જેટલું જ છે. માટે મંગળ પર સલામત ઉતરાણ માટે હવાઈ છત્રીનું કદ ખૂબ મોટું હોવું જોઈએ. જો ખૂબ મોટા કદની હવાઈ છત્રી વ્યવહારુ ન હોય તો ઉતરાણ વખતે પૅરાશૂટની સાથે ગતિરોધની અન્ય પદ્ધતિ પણ અમલમાં મૂકવામાં આવે છે. અલબત્ત, દરેક આકાશી પિંડને પોતાનું આગવું વાતાવરણ તો હોય જ છે

પરંતુ પૃથ્વીના વાતાવરણ સાથે સરખામણી કરતાં આપણે કહીએ છીએ કે તે ગ્રહ કે ઉપગ્રહ પર વાતાવરણ નથી - જેમ કે ચંદ્ર. તો પછી ચંદ્ર પર હળવેકથી ઉતરાણ માટે હવાઈ છત્રીનો ભરોસો રખાય ? અહીં ગતિરોધ માટે કોઈક અન્ય રીત અમલમાં મૂકવી પડશે.

હવાઈ છત્રીને અનુકૂળ આવે તેવું વાતાવરણ ચંદ્ર પર નથી. કહો કે આપણને અભિપ્રેત છે તેવું વાતાવરણ ચંદ્ર પર નથી. જ્યારે ઊંચાઈ પરથી મુક્ત રીતે ઊતરતા હોઈએ ત્યારે ધરતી પરનાં વાહનોમાં હોય છે તેવી બ્રેકની વ્યવસ્થા પણ નથી હોતી. આ પરિસ્થિતિમાં લૅન્ડરની ગતિની દિશામાં જ નાના રૉકેટમાંથી જોરથી વાયુ છોડવામાં આવે છે. આપણો અનુભવ અને ન્યૂટનના ગતિના નિયમ મુજબ આ ધક્કાની વિરુદ્ધ દિશામાં પ્રતિઘાત લાગે. આ પ્રતિઘાત લૅન્ડરની ગતિની વિરુદ્ધ દિશામાં છે. આમ લૅન્ડર પર પરસ્પર બે વિરોધાભાસી બળ લાગે છે. એક છે ગુરુત્વાકર્ષણ બળ અને બીજું રૉકેટનું પ્રતિઘાત બળ. ધીરે ધીરે પ્રતિઘાત બળ ગુરુત્વાકર્ષણ બળની સમકક્ષ પહોંચી જાય છે અને લૅન્ડરની ગતિ શૂન્યની નજીક પહોંચી જાય છે, પરિણામે હળવેથી સપાટી સ્પર્શ થાય છે. આ સમયે પણ રૉકેટમાંથી વાયુઓ સપાટી તરફ ધસી જતા હોય છે જેને કારણે આકાશી પિંડની સપાટી પરની રજ ઊડવા લાગે છે. જાણે કે રજનું વાદળ ! જો પિંડ નાનો હોય તો તેનું ગુરુત્વાકર્ષણ બળ ઓછું હોય અને રજવાદળને ઠરીઠામ થતાં વાર લાગે. ઉતરાણની સાથે જ લૅન્ડરને (ચંદ્રયાન-૩ના સંદર્ભે - લૅન્ડરનું નામ વિક્રમ) ખોલીને કામ શરૂ કરી દેવામાં આવે તો ધૂળ બધે ભરાઈ જાય અને ઉપકરણો વ્યવસ્થિત કામ ન કરે. અત્રે યાદ કરી લઈએ કે ઈસરોએ ભૂસ્તરશાસ્ત્રીઓની મદદથી ચંદ્ર જેવી સપાટી કર્ણાટકમાં તૈયાર કરી છે અને ત્યાં ચંદ્રયાનના અવરોહણનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. હા, ચંદ્રયાન-૨માં ગતિરોધ માટે પાંચ રૉકેટ હતાં. ચારેય ખૂણે એક એક અને વચ્ચે એક. ચંદ્રયાન-૩માં વચ્ચેનું રૉકેટ દૂર કરવામાં આવ્યું છે અને ગતિરોધ માટે ફક્ત બે જ રૉકેટ કાર્યાન્વિત થશે જ્યારે બીજાં બે રૉકેટ સંકટ સમયે જરૂર મુજબ કાર્યાન્વિત થશે. હળવા ઉતરાણની આખી પ્રક્રિયા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત સ્વયંસંચાલિત પ્રક્રિયા હોય છે. લૅન્ડર ઊતરે ત્યારે તે તેના પગ પર ઊભું રહે છે. લૅન્ડરના મજબૂત અને આઘાત સહન કરી શકે તેવા પગ તેને સ્થિરતા આપે છે. ચંદ્રયાન-૩ના પગ વધુ મજબૂત બનાવવામાં



**ઍરબૅગમાં સુરક્ષિત 'પાથફાઈન્ડર'**

આવ્યા છે. હા, જો હવાઈ છત્રી યોગ્ય રીતે કામ કરી શકે તેમ ન હોય ત્યારે પણ રૉકેટનો સાથ લેવામાં આવે છે. ઉતરાણ માટે લગભગ સમતળ સપાટી હોવી જરૂરી છે. લૅન્ડર પર ગોઠવેલા કૅમેરા ઉતરાણ યોગ્ય સપાટી શોધવામાં - નક્કી કરવામાં મદદ કરે છે. ચંદ્રયાન-૩માં ત્રણ કૅમેરા વડે આ કાર્ય થશે. આહ, ચન્દ્રયાન-૨માં આ માટે એક જ કૅમેરા હતો. આમ હળવા ઉતરાણ માટે ચંદ્રયાન-૩માં એકવીસ જેટલા ફેરફાર કરવામાં આવ્યા છે. હળવા ઉતરાણનું મુખ્ય ધ્યેય છે ઉતરાણ વખતના આઘાતથી ઉપકરણોને નુકસાન ન થાય. પૃથ્વી પર આપણે જ્યારે કારમાં યાત્રા કરતા હોઈએ ત્યારે અકસ્માતથી થતા આઘાત સામે રક્ષણ આપવા માટે કારમાં 'ઍરબૅગ' હોય છે જે સમયસર ખૂલી જઈ આપણા માટે કવચનું કામ કરે છે. આકાશી પિંડ પર હળવેથી ઉતરાણ માટે આ પ્રકારની પદ્ધતિનું પણ નિદર્શન કરવામાં આવ્યું હતું.

બ્રહ્માંડના - સૂર્યમાળાના અજાણ્યા પિંડ પર લૅન્ડરને ઉતારતાં પહેલાંના અભિયાનમાં કક્ષીય યાન વડે દૂરથી તે પિંડની સપાટીનો તાગ મેળવી લેવામાં આવે છે. છતાં પણ અજાણ્યું તે અજાણ્યું. હવાઈ છત્રી અને રૉકેટ બુસ્ટરની મદદથી હળવેકથી ઉતરાણનો પ્રયત્ન હોય છતાં પણ ન કરે નારાયણ ને કંઈક અજુગતું થાય તો સપાટી સાથે લૅન્ડર અથડાઈ જાય. આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે લૅન્ડરની ચોતરફ ઍરબૅગ ગોઠવવામાં આવે છે. ફરી એક વખત યાદ કરી લઈએ કે ઍરબૅગને કાર્યાન્વિત કરવા માટે પણ અજાણ્યા પિંડ પર 'ઍરબૅગ'ને અનુકૂળ વાતાવરણ હોવું જોઈએ. હવે જો લૅન્ડરને ઍરબૅગના કવચમાં જ ઉતારવાનું હોય તો સપાટી સ્પર્શ વખતે થોડો પછડાટ થાય તોપણ કશો વાંધો આવે નહીં. વળી લૅન્ડર સપાટી પર પોતાના પગ પર ઊભું રહે તો જ તેમાં લગાવેલાં ઍન્ટેના અને અન્ય ઉપકરણો સુચારુ રૂપે કામ કરી શકે. લૅન્ડરને રક્ષણ આપતી ઍરબૅગની ગોઠવણને લીધે ઉતરાણ કરતા સંપુટનો આકાર લગભગ ગોળ થઈ જાય છે. ઍરબૅગ ફૂલીને ગોળ દડા જેવો આકાર ધારણ કરે છે. તે ઊબડખાબડ સપાટી પર પણ સહેલાઈથી ગબડી શકે છે. તેની અંદર વજન(દળ)ના આયોજિત વિતરણને લીધે જ્યારે સંપુટ સ્થિર થાય ત્યારે અંદરનું લૅન્ડર પોતાના પગ પર ઊભું રહે તેવી સ્થિતિમાં હોય છે. પોતાનું કામ પૂરું થતાં ઍરબૅગ લૅન્ડરથી અળગી થઈ જાય છે અને ઉતરાણ-અભિયાન પૂરું થાય છે. ડિસેમ્બર, ૧૯૯૬માં પ્રક્ષેપિત અને જુલાઈ, ૧૯૯૭માં મંગળગ્રહ પર ઉતરાણ કરેલા નાસાના 'પાથફાઈન્ડર' અભિયાનમાં આ રીત અપનાવવામાં આવી હતી. આ અભિયાનમાં સૌપ્રથમ વખત રોબૉટિક રોવરે મંગળયાત્રા કરી હતી.

આપણે સૌ ઑગસ્ટના છેલ્લા અઠવાડિયાની કાગડોળે રાહ જોઈએ છીએ. નવાં સૉફ્ટવૅર અને અન્ય સાવધાનીઓ સાથેનું આપણું 'વિક્રમ' લૅન્ડર ચાંદામામાના ખોળામાં હળવેથી ઊતરશે અને 'પ્રજ્ઞાન' રોવર (ચાલણગાડી) મામાના શરીર પર લટાર મારશે તેની આપણને સૌને ખાતરી છે - શ્રદ્ધા છે - પ્રાર્થના છે.

**— ચિંતન ભટ્ટ**

# વસ્તી નિયંત્રણ ધારો

તાજેતરમાં ભારતની વસ્તી ચીનની વસ્તી કરતાં પણ વધારે થતાં ભારત વિશ્વનો સૌથી વધારે વસ્તી ધરાવતો દેશ બન્યો છે. આ એક સિદ્ધિ છે કે ગંભીર સમસ્યા એ અંગે વિભિન્ન મતો પ્રવર્તે છે. એક પક્ષ એમ માને છે કે વસ્તી અને એમાંય ખાસ કરીને યુવાવર્ગ દેશની સૌથી મોટી સંપત્તિ છે. સામી બાજુ વસ્તી વધારે હોય તો તમામ ક્ષેત્રે અગણિત સમસ્યાઓ પેદા થાય છે. આજે વસ્તીના પ્રભાવ અને પ્રશ્નો વગેરે અંગે વ્યવસ્થિત અભ્યાસ કરતું 'ડેમોગ્રાફી' નામનું વિજ્ઞાન પણ વિકસ્યું છે. અમુક દેશોમાં વસ્તી ખૂબ ઝડપથી વધી રહી છે. અમુક દેશોમાં લોકોની સંખ્યા સ્થિર છે. અમુક દેશોમાં વસ્તી ચિંતાજનક રીતે ઘટી પણ રહી છે.

વસ્તીવધારાના ઇતિહાસ પર નજર કરીએ તો વર્ષ ૧૮૦૪માં વિશ્વની વસ્તી પ્રથમ વાર એક અબજની થઈ હતી. ત્યારબાદ બે અબજના આંકને પહોંચતાં ૧૯૩૦નું વર્ષ આવ્યું. આમ ૧૨૬ વર્ષનો અંતરાલ હતો. ત્રીજા અબજનો આંકડો ત્રીસ વર્ષ બાદ ૧૯૬૦માં પાર થયો. ચોથા અને પાંચમા અબજનો વધારો અનુક્રમે ૧૪ (૧૯૭૪) અને ૧૩ (૧૯૮૩) વર્ષોમાં નોંધાયો. તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૨ના રોજ વિશ્વની વસ્તી આઠ અબજના આંકડાનો સ્પર્શ કરી ગઈ ત્યારે મિશ્ર પ્રતિસાદ આવ્યા. યુનાઇટેડ નૅશન્સ પોપ્યુલેશન ફંડે કહ્યું કે આઠ અબજ જીવન, આઠ અબજ સ્વપ્નાંઓ અને આઠ અબજ સંભાવનાઓ, આઠ અબજ આંકડાથી ચિંતિત લોકોએ કહ્યું, 'આપણે પૃથ્વીની ક્ષમતા કરતાં વધારે બોજ તેનાં સંસાધનો પર નાખ્યો છે.' વિશ્વના વસ્તીવધારામાં ભારતનો ફાળો સૌથી વધુ છે. વર્ષો સુધી ભારતમાં બે ટકાના દરે વસ્તીવધારો થતો રહ્યો છે. દર વર્ષે ઑસ્ટ્રેલિયાની કુલ વસ્તી જેટલી સંખ્યાના વધારાના કારણે આપણો દેશ આજે દુનિયાનો સૌથી વધારે વસ્તી ધરાવતો દેશ બન્યો છે. વિશ્વમાં ચીન અને ભારતની વસ્તી ૨.૯૦ અબજ છે. બીજા શબ્દોમાં દર છ વ્યક્તિએ એક ભારતીય અને એક ચીની છે. વિશ્વની વસ્તીનો ત્રીજો ભાગ ચીન અને ભારતમાં વસે છે. વસ્તીવધારાના કારણે આજે ભારતમાં યુવાનોની સંખ્યા પણ અન્ય કોઈ પણ દેશ કરતાં વધારે છે. એક અંદાજ મુજબ વર્ષ ૨૦૫૦માં ભારતની વસ્તી ૨.૨૩ અબજ પહોંચ્યા બાદ તેમાં ઘટાડાની શરૂઆત થશે.

વસ્તીવધારાની સીધી અસર કુદરતી સંસાધનોના વપરાશ પર પડે છે. જળ, જમીન અને વાયુમાં પ્રદૂષણ વધારવા માટે આપણી જીવનશૈલી જેટલી જવાબદાર છે તેટલી જ જનસંખ્યા પણ ભારરૂપ છે. ભારતમાં પીવાના શુદ્ધ પાણીની તંગી ૨૦૩૦માં ભયજનક સ્તરે પહોંચશે. આપણે અત્યારે જ ભૂગર્ભ જળનો બેફામ વપરાશ કર્યો છે.

નદીઓ, તળાવો અને ભૂગર્ભના જળને પ્રદૂષિત કરી પીવાલાયક રહેવા દીધું નથી. વસ્તીવધારાના કારણે શિક્ષણની સવલતો, આરોગ્યસેવા અને આંતરમાળખીય સુવિધાઓ પર અસહ્ય બોજ આવ્યો છે. ગુજરાતી કહેવત 'એક સાંધતાં તેર તૂટે' જેવી હાલત છે. ગરીબી અને બેરોજગારી માટે વસ્તીવધારો સૌથી મોટું પરિબળ છે.

ભારત આજે સમગ્ર વિશ્વમાં ઝડપી આર્થિક વિકાસ સાધતો દેશ છે. આઝાદીનાં ૭૮ વર્ષમાં ભયંકર વસ્તીવધારા વચ્ચે આપણે અમંગળ આગાહીઓ કરનારાને ખોટા પાડ્યા છે. આટલી વિશાળ વસ્તી માટે અનાજ અને ખાદ્ય સામગ્રીમાં આપણે સ્વાવલંબી છીએ. સાથે સાથે અમુક વસ્તુઓની નિકાસ પણ કરી શકીએ છીએ. ક્રૂડઑઈલ, ખાદ્ય તેલ, કાચા હીરા, સોનું, શસ્ત્રો, વિમાનો વગેરે ખરીદવામાં ખૂબ મોટી રકમનું વિદેશી હૂંડિયામણ વપરાય છે. અખાતી દેશો, અમેરિકા, ગ્રેટ બ્રિટન, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, સિંગાપુર સહિત અનેક દેશોના બિનનિવાસી ભારતીયો દ્વારા મોકલતા વિદેશી હૂંડિયામણને કારણે આજે આપણે નોંધપાત્ર હૂંડિયામણની અનામત ધરાવીએ છીએ.

વર્ષો પહેલાં પોતાના ચૂંટણીઢંઢેરામાં ભારતીય જનતા પક્ષે રામમંદિરનું નિર્માણ, બંધારણની કલમ ૩૭૦ હેઠળ કાશ્મીરના વિશેષાધિકાર સમાપ્ત કરવા અને સમાન નાગરિક ધારો લાવવાની ખાતરી આપી હતી. હવે તેમાં બીજા બે મહત્ત્વના મુદ્દા ઉમેરાયા છે. એક છે નાગરિકોની નોંધણી અને ચકાસણીનો કાયદો અને બીજો છે વસ્તી નિયંત્રણનો કાયદો. ભારતમાં ૧૯૭૫થી ૧૯૭૭ના સમયગાળામાં કટોકટી હેઠળ પુરુષોની નસબંધીની વ્યાપક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આના પ્રત્યાઘાત રૂપે ઇન્દિરા ગાંધીના નેતૃત્વવાળી કૉંગ્રેસે સત્તા ગુમાવી કારમી હારનો સામનો કર્યો હતો. ૧૯૮૦માં કૉંગ્રેસની સત્તા-વાપસીથી આજ સુધી કોઈ સરકારે વસ્તીનિયંત્રણ માટે કઠોર કાયદો કર્યો નથી. કુટુંબનિયોજન શબ્દને કુટુંબકલ્યાણ કરી ક્યાંય જબરજસ્તીનો ભાવ ન આવે તેવી કાળજી કરી છે. કોન્ડોમ (નિરોધ), ગર્ભ રોકવાની ગોળીઓ, સ્ત્રીઓની ટ્યૂબકટોમી, જનજાગૃતિ દ્વારા જન્મદરમાં નોંધપાત્ર ઘટાડો કરી શકાયો છે.

અમુક રાજ્યોમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં જે વ્યક્તિને બે કરતાં વધારે સંતાન હોય તેમને ચૂંટણીમાં ઉમેદવારી માટે ગેરલાયક ઠરાવ્યા છે. ન્યાયાલયોએ પણ આ જોગવાઈને માન્ય રાખી છે. વસ્તીનિયંત્રણ એટલે બંધારણે બક્ષેલી સ્વતંત્રતા પર કાપ તેવી દલીલ આજની ચિંતાજનક વાસ્તવિકતા માટે ટકી શકે તેવું નથી લાગતું. વસ્તી-નિયંત્રણમાં ચીને 'એક કુટુંબ - એક સંતાન'ની નીતિનો સખ્તાઈથી અમલ કર્યો હતો. આપણા દેશમાં કાયદાથી નિયંત્રણો મુકાય તેમાં પ્રોત્સાહન અને સરકારી લાભોથી વંચિત રાખવાની વાત હાલ તો કેન્દ્રસ્થાને છે. વર્ષ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં સમાન નાગરિક ધારો, નાગરિકતા ચકાસણી, નોંધણી અને વસ્તીનિયંત્રણના મુદ્દે વ્યાપક અને ઉગ્ર ચર્ચા થાય તેવી પૂરેપૂરી શક્યતા છે. વસ્તી નિયંત્રણ ધારાનો મુસદ્દો સરકારે નહીં પણ શ્રી રાકેશ સિંહા નામના સાંસદે ખાનગી બિલ તરીકે જુલાઈ, ૨૦૧૯માં રજૂ કર્યો છે.

આ બિલ રજૂ થયું તે અરસામાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું; આ મુદ્દે વધારે જનજાગૃતિની આવશ્યકતા છે. વસ્તીવિસ્ફોટ આપણો વિકાસ રૂંધી રહ્યો છે. આપણી ભાવિ પેઢીનાં સ્વપ્નાં સાકાર કરવામાં અવરોધરૂપ છે. વસ્તી નિયંત્રણ ધારો સંસદ ક્યારે પસાર કરશે ? તેની અંતિમ જોગવાઈઓ શું હશે ? તેના અમલમાં કેટલી કડક કાર્યવાહી થશે ? આ જોગવાઈઓ સુપ્રીમ કોર્ટ/હાઈકોર્ટ બંધારણીય રીતે ઉચિત માનશે ? આ પ્રશ્નોનો જવાબ તો સમય જ આપશે. હા, સાંસદ રાકેશ સિંહાના બિલને ૧૫૦ જેટલા સાંસદોએ નિવેદન-ટ્વિટ્સથી તેમને ટેકો જાહેર કર્યો છે. સામાન્ય લોકોમાં વસ્તીના મુદ્દે સરકાર કોઈ કડકાઈ કરે તો તેનું શું ? વિપરીત પરિણામ આવે તે બાબતે રાજકીય પક્ષો પણ અવઢવમાં છે. બિલની સૂચિત જોગવાઈઓમાં નાના કુટુંબ માટે શિક્ષણ, આરોગ્ય, રોજગારી જેવી બાબતોમાં અગ્રતા આપવાની અને રોકડ સહાયની જોગવાઈઓ છે. નાના કુટુંબનો આદર્શ ન સ્વીકારનાર માટે સરકારી સહાયથી વંચિત રાખવાના પ્રાવધાનો છે. એકંદરે જોતાં સૂચિત કાયદો મધ્યમમાર્ગ અપનાવે છે. દેશમાં લઘુમતીઓ વસ્તીવધારાનો એક શસ્ત્ર રૂપે ઉપયોગ કરવા માંગે છે તેથી જે જે જૂથો વસ્તીનિયંત્રણ માટે કાયદાની જોગવાઈઓનો વિરોધ કરે છે તેમની મુરાદ મેલી છે તેવા આક્ષેપો થઈ રહ્યા છે. ભારતીય જનતા પક્ષ સિવાયના પક્ષો વસ્તીનિયંત્રણ માટે કાયદાની જોગવાઈઓનો વિરોધ કરે છે. હાલ તો વસ્તીનિયંત્રણનો સૂચિત કાયદો ખાનગી બિલ છે. આમ છતાં આ અંગેની રાજકીય ચર્ચાએ જોર પકડ્યું છે.

સૌથી મહત્ત્વની ચિંતાનો મુદ્દો એ છે કે દેશના વિકાસ અને ભવિષ્ય માટે જે કરવું જોઈએ તે સમયસર ન થાય તો સમગ્ર પ્રજા માટે ખતરો પેદા થઈ શકે છે. આ મુદ્દાને રાજકીય બાબત ન લેખતાં એક રાષ્ટ્રીય રીતે અગત્યની જરૂરિયાત ગણી તે પર ક્ષુલ્લક બાબતો છોડીને સર્વસંમતિ સાધવા માટે ગંભીરતાથી પ્રયત્નો કરવા જોઈએ. ન્યાયશાસ્ત્રમાં વ્યક્તિના સ્વાતંત્ર્ય અને અધિકાર અંગે એક ઉક્તિ છે, 'મારા હાથની છત્રી ગોળ ગોળ ફેરવવાનો મારો હક્ક બીજાના નાક પાસે તે પહોંચે તે પહેલાં સમાપ્ત થાય છે.' વસ્તીનિયંત્રણની આવશ્યકતા અને વ્યક્તિના અધિકારો વચ્ચે સમન્વય અથવા તો શાહમૃગની નીતિ અપનાવી ભય જોવાનો ઇન્કાર કરી પોતાનું મોં છુપાવી લે છે.

વસ્તીવધારો રોકવો તે માનવજાતિ માટે અસ્તિત્વનો પ્રશ્ન છે. વસ્તીવધારો એ એક એવી સમસ્યા છે જેની પાછળ સમસ્યાઓની હારમાળા સર્જાય છે. આપણા દેશની ગરીબી, બેરોજગારી, અછત અને અભાવ, પર્યાવરણનું નુકસાન એમ અનેક બાબતો વધેલી વસ્તીનું વિપરીત પરિણામ છે. વસ્તી ઘટાડવાનું કામ મુશ્કેલ નથી પણ દરેક બાળકને સર્વાંગી વિકાસની તક મળે તે કાર્ય ખરેખર પડકારભર્યું છે. આપણા રાજનેતાઓ, ધર્મગુરુઓ કશા ભેદભાવ વિના 'અમે બે અમારાં બે' જ નીતિ અમલી બનાવવા માટે પ્રતિબદ્ધતા દાખવે તો કેવું સારું ! આ અંગે તેટલી જ જરૂરિયાત જનજાગૃતિની છે. વિશ્વમાં સુખશાંતિ માટે વસ્તીનિયંત્રણ એ અસરકારક ઉપાય છે.

**— પ્રવીણ ક. લહેરી**

# શરદી ! શરદી ! શરદી !

એક માણસને સખત શરદી થઈ. શરદી એટલે કેવી શરદી ! 'ચેઇન સ્મોકર' હોય છે એમ એ 'ચેઇન છીંકર' થઈ ગયો ! ભગવાને નાક છીંકો ખાવા માટે જ બનાવ્યું છે, એની એને ખાતરી થઈ ગઈ. ત્રણ દિવસમાં તો એ ત્રાહિમામ્ પોકારી ગયો. આખરે એ એક સંત પાસે ગયો. પોતાને કદી શરદી ન થાય એવા આશીર્વાદ આપવા વિનંતી કરી. સંતે કહ્યું, 'જન્મ્યા પછી જેને કદી શરદી થઈ ન હોય એવા માણસ પાસેથી તું ચપટી રાઈ લઈ આવી શકે, તો હું તને આવા આશીર્વાદ આપી શકું.' પેલો રિક્ષા કરીને ઠેર ઠેર રઝળ્યો પણ આવો કોઈ માણસ ન મળ્યો; ઊલટું એ ચપટી રાઈ લેવા ગયો ત્યારે કેટલાક માણસો કપાળે બામ ચોપડતા હતા; કેટલાક નાસ લેતા હતા; કેટલાક શેક કરતા હતા. પેલા માણસને સમજાઈ ગયું કે શરદી જીવનનો અનિવાર્ય ભાગ છે. રિક્ષાવાળાને ભાડા ઉપરાંત શરદી પણ વળગાડીને એણે એવો માણસ શોધવાનો ઉદ્યમ પડતો મૂક્યો.

શરદી એવો રોગ છે કે જે માણસના જન્મથી એની સાથે જોડાય છે ને મૃત્યુપર્યંત એને વળગી રહે છે. કાયમ શરદીથી પીડાતા રહેતા મારા એક મિત્રને તો એવો વહેમ છે કે એમને જન્મ પહેલાંથી શરદી વળગી છે. એમનો જન્મ થયો એ અરસામાં એમનાં માતાને શરદી થયેલી એવું એમણે એમના પિતાની ડાયરીમાં વાંચેલું. શરદી સાથેના ગાઢ-પ્રગાઢ સંબંધને કારણે એમને લાગે છે કે ખરેખર તો જન્મ પહેલાં જ એમને શરદી થઈ હશે ને એમનો ચેપ માતાને લાગ્યો હશે ! અત્યારે એમને ત્રીસમાંથી વીસ દિવસ શરદી રહે છે. ગયા મહિને વીસને બદલે અઢાર દિવસ શરદી રહી એ કારણે એ ચિંતામાં પડી ગયા હતા. આમ થવાનું શું કારણ હશે એવો પ્રશ્ન એમણે એમના ફૅમિલી ડૉક્ટરને પૂછ્યો હતો, પણ ડૉક્ટરો કૅન્સર વિશે જાણે છે એટલું કબજિયાત વિશે નથી જાણતા, એ રીતે ન્યુમોનિયા વિશે જાણે છે એટલું શરદી વિશે નથી જાણતા. કોઈને શરદી થઈ હોય તો એનો ઇલાજ ડૉક્ટરો પાસે નથી. શરદીનો દરદી શરદીમાંથી ન્યુમોનિયા સુધી પ્રગતિ કરે, તો પછી ડૉક્ટર ઉત્સાહપૂર્વક એનો ઇલાજ કરી શકે છે. આ કારણે મિત્રને વીસ દિવસને બદલે અઢાર દિવસ જ શરદી કેમ થઈ એનો ખુલાસો ડૉક્ટર કરી શક્યા નહિ, પણ પછીના મહિને મિત્રને પાછી વીસ દિવસ શરદી રહી એટલે એમને નિરાંત થઈ. આ મિત્ર ટીવીમાં શરદીવાળા દરદીની જાહેરાત જુએ છે તોય એમને શરદી થઈ જાય છે. એક વાર તો એમને શબ્દકોશમાં 'શરદી' શબ્દની જોડણી જોવાને કારણે પણ શરદી થઈ ગઈ હતી એવું એ કહે છે !

શરદી જીવનનો આવો અનિવાર્ય ભાગ હોવા છતાં શરદીના દરદીને વી.આઈ.પી. ટ્રીટમેન્ટ મળતી નથી. શરદીના બહાના હેઠળ ઑફિસમાંથી રજા પણ મળી શકતી નથી.

ન્યુમોનિયા થાય ત્યાં સુધી રાહ જોવી પડે છે. આવો તદ્દન સામાન્ય ગણાતો રોગ અસામાન્ય માણસોને પણ ઢીલાઢફ કરી નાખે છે. રામ-રાવણના યુદ્ધ વખતે રાવણને સખત શરદી થઈ ગઈ હોત અને એનાં દસ નાકનાં વીસ નસકોરાંમાંથી પાણી નીકળવા માંડ્યું હોત, એનાં દસેદસ માથાં ફાટ ફાટ થવા માંડ્યાં હોત, તો કદાચ એ શ્રીરામને શરણે થઈ ગયો હોત ! મહાભારતના યુદ્ધના પહેલા જ દિવસથી ભીષ્મ, દ્રોણ અને કર્ણને સખત શરદી થઈ ગઈ હોત તો દુર્યોધનને સંધિ કરી લેવાની ફરજ પડત. બીજા વિશ્વયુદ્ધ વખતે હિટલરને સખત શરદી થઈ ગઈ હોત, તો બીજા વિશ્વયુદ્ધમાં કદાચ આટલો નરસંહાર ન થયો હોત. એકવીસમી સદીમાં કે ત્રીસમી સદીમાં (ત્રીસમી સદી સુધી આ જગતનું અસ્તિત્વ હશે તો) જે રાષ્ટ્ર શરદી-બૉમ્બ બનાવશે એ રાષ્ટ્ર કશી જાનહાનિ કર્યા વગર વિશ્વવિજેતા બની શકશે.

મને જન્મથી જ શરદી વળગેલી. જીવનનાં પ્રારંભનાં ત્રીસ-પાંત્રીસ વરસ સુધી એ અત્યંત ઉત્કટતાથી મને વળગી રહી. આ પછી ફરી આવવાનો વાયદો કરીને એ જતી રહી હતી, પણ હવે જીવનના ઉત્તરાર્ધમાં વાયદો પાળી બતાવવા માગતી હોય એમ હમણાં હમણાંથી એ વારંવાર આવી ચડે છે. શરદીને કારણે મારો એક કાન 'શહીદ' થઈ ગયો છે ને બીજા કાન પર જોખમ તોળાઈ રહ્યું છે. થોડા દિવસ પહેલાં મને મારા જીવનની શ્રેષ્ઠ શરદીનો અનુભવ થયો. એ દિવસે બપોરે ઊંઘમાંથી ઊઠ્યો ને છીંકોના પ્રચંડ હુમલાઓ શરૂ થઈ ગયા. તદ્દન નરમ માણસ ગણાતો એવો હું એકાએક માથાભારે માણસ થઈ ગયો ! મારા માથામાં ખાસ કંઈ ભરેલું નથી એવું લાગ્યા કરતું હતું એને બદલે મારું માથું ભગવાને ઠાંસીઠાંસીને ભરી દીધું હોય એવું લાગવા માંડ્યું. જગત નિસ્સાર જણાવા માંડ્યું. (આપણા જે તત્ત્વજ્ઞાનીઓએ આ જગતને નિસ્સાર કહ્યું છે, તેમને આવું જ્ઞાન શરદી થયા પછી જ લાધ્યું હશે એવું મને લાગે છે.)

શરદી થયા પછી પહેલું કામ હું નાસ લેવાનું કરું છું. નાસ માટે કોઈ પાણી ઉકાળી આપે, ઊકળતા પાણીનું તપેલું પાટલા પર ગોઠવી આપે, પાટલા પાસે ધાબળો મૂકી આપે, તો નાસ લેવાની ઘટના ઘણી રમણીય લાગે. જીવનના પૂર્વાર્ધમાં આ વૈભવ સુલભ હતો. પણ હવે જીવનના ઉત્તરાર્ધમાં હાલતાં ને ચાલતાં શરદી થવા માંડી એટલે ધીરે ધીરે એ વૈભવ લુપ્ત થતો ગયો. હવે તો સોમવારે શરદી થાય તે પછીના રવિવાર સુધી ચાલે. રવિવારે બપોર પછી માંડ શરદી મટી હોય ત્યાં પાછી સોમવારે સવારે છીંકો શરૂ થઈ જાય. આ સંજોગોમાં નાસ લેવા માટે સ્વાવલંબી થવાનું અનિવાર્ય બની જાય છે. નાસ લેવામાં સ્વાવલંબી બનવું અઘરું નથી એ ખરું, પણ મારા માટે બધાં કામો અઘરાં છે. તપેલામાં પાણી ભરીને ગૅસ પર મૂકવા જતાં આજ સુધીમાં મેં સાત તપેલાંને ગોબા પાડ્યા છે અને બે વાર અંગૂઠાને અને ત્રણ વાર આંગળીઓને ફ્રૅક્ચર કર્યાં છે. ઊકળતા પાણીના તપેલાને કાળજીથી ઉતારીને પાટલા પર મૂકવાનું કામ તો મત્સ્યવેધ અને ધનુષભંગ કરતાંય વધુ અઘરું છે, એમ મને હંમેશાં લાગ્યું છે. મારી

જન્મકુંડળીમાં પાણીની ઘાતનો નિર્દેશ છે ને અંગારયોગનો પણ નિર્દેશ છે. નાસ માટે ઊકળતા પાણીથી હું દાઝી જાઉં તો એ પાણીની ઘાતને કારણે દાઝી ગયો ગણાઉં કે અંગારયોગને કારણે દાઝી ગયો ગણાઉં એ વિશે જ્યોતિષ જાણનાર મારા બે મિત્રોમાં તીવ્ર મતભેદ છે. આ અંગેનો સાચો નિર્ણય તો હું દાઝી જાઉં એ સમયે ગ્રહોની જે સ્થિતિ હોય તેના આધારે જ થઈ શકે એવું ત્રીજા જ્યોતિષી મિત્ર માને છે. જોકે પાણીની ઘાત ન હોય કે અંગારયોગ પણ ન હોય તોય કેવળ મારી અણઆવડતને કારણે દાઝી જવાના ચાન્સીસ ઘણા વધારે છે, એમ મને ઓળખનારાં સૌ માને છે. એટલે શરદી થાય છે ત્યારે બામની શીશીની સાથે બર્નોલ કે સોફ્રામાયસિનની ટ્યૂબ પણ હું હાથવગી રાખું છું.

સામાન્ય રીતે શરદી થાય છે ત્યારે હું ઘરગથ્થુ ઉપાયો જ કરું છું, પણ તે દિવસની મારા જીવનની શ્રેષ્ઠ શરદીને દિવસે હું મારા ફૅમિલી ડૉક્ટર પાસે ગયો. મારી શરદીની ભયંકરતા જોઈ એમણે જથ્થાબંધ દવાઓ લખી આપી અને બીજા દિવસે અચૂક બતાવી જવાનું કહ્યું. બીજે દિવસે હું ડૉક્ટર પાસે ગયો ત્યારે કમ્પાઉન્ડરે કહ્યું, 'સાહેબને સખત શરદી થઈ છે. સવારથી પથારીમાંથી ઊભા જ થયા નથી. આજે એ દવાખાને આવી નહિ શકે !'

નોંધ : તમે નાસ લઈને કે બામ ચોળીને આ લેખ વાંચજો. આ લેખ વાંચ્યા પછી કદાચ તમને શરદી થઈ જાય એ તદ્દન સંભવિત છે. આ સૂચના જોકે મારે લેખની શરૂઆતમાં આપવી જોઈતી હતી, પણ સરતચૂકથી રહી ગયું. આ લેખ વાંચવાને કારણે તમને શરદી થાય, તો જાણજો કે થવાનું હોય છે તે કોઈ પણ બહાને થાય જ છે !

**– રતિલાલ બોરીસાગર**

---

**(૧૭મા પાનાનું ચાલુ)**

પોતાના શરીરની ઇજ્જત કરતાં શીખવ્યું. સ્વચ્છતાનો મહિલાઓના આરોગ્ય અને સલામતી પર ખાસ પ્રભાવ પડ્યો. તેમને શૌચ માટે અંધારાની રાહ જોવી પડતી નથી કે તેને માટે બહાર જવું પડતું નથી. લેખિકા કહે છે તેમ, તેઓ સ્થાનિક કક્ષાના અનેક સ્તરના નેતાઓ, ખેલાડીઓ, શક્તિશાળી સ્ત્રી-પુરુષોના સંપર્કમાં આવ્યાં. જુદા જુદા સમૂહો, પ્રતિનિધિઓ, સંગઠનો કર્યાં ને સહુ સાથે મળી પાયાની આ જરૂરિયાત માટે સંઘર્ષો કર્યા.

જાહેરમાં શૌચની સમસ્યાના ઉકેલ માટેના તેમના નવીન અને રચનાત્મક અભ્યાસુ અભિગમથી પરિવર્તન આવ્યું અને ખુલ્લામાં શૌચમુક્ત ગુજરાત આપણને સાંપડ્યું.

**– શ્રદ્ધા ત્રિવેદી**

('સ્વચ્છતામાં શાણપણ' લે. જયંતી એસ. રવિ, અનુવાદ : દિનેશ ઠાકર, નવભારત પબ્લિકેશન, કિં. : ૫૦૦ રૂ.)

# લોકમાનસના પરિવર્તનનો દસ્તાવેજ




'સ્વચ્છતામાં શાણપણ' (૨૦૨૨) એ જયંતી એસ. રવિલિખિત 'ખુલ્લામાં શૌચમુક્ત ભારત' બનાવવાના અભિયાનને પ્રેરણા આપનારું, વાસ્તવિક પરિસ્થિતિનો દસ્તાવેજ રજૂ કરી, તેનાં દુર્ગમ પરિણામોમાંથી પ્રજાને સ્વસ્થતા તરફ પ્રેરતું જીવંત ભાષામાં લખાયેલું એક હૃદયસ્પર્શી, બુદ્ધિસ્પર્શી પુસ્તક છે.

ભારત એ વિશેષે ગામડાંનો દેશ છે અને ખુલ્લામાં શૌચ કરવામાં ગામડાંની પ્રજાને સેંકડો વર્ષથી સંકોચ થયો નથી. પણ આ બાબત પ્રજાના સ્વાસ્થ્ય માટે ખતરારૂપ છે. તેમાંથી પ્રજાને જાગૃત કરી, ખુલ્લામાં શૌચ ન કરવું એ શા માટે અને કેટલું અનિવાર્ય છે તે આ પુસ્તકમાં પાને પાને સમગ્ર ભારતમાંથી પ્રાપ્ત થયેલી ઘટનાઓ રજૂ કરી સમજાવવામાં આવ્યું છે. પ્રજાને ખુલ્લામાં શૌચ કરવામાં વાંધો નથી આવતો પણ શૌચક્રિયા સંબંધી જાહેરમાં વાત કરવામાં તેને ક્ષોભ થાય છે — એ કેવી કમનસીબી ? પણ લેખિકાએ લોકો સાથે સંવાદ સાધીને બહુ રસપ્રદ રીતે વિષયને આલેખ્યો છે. લેખિકાની એક માર્મિક દલીલ બહુ સમજવા જેવી છે. લોકો માટે મોબાઇલ બહુ પાયાની જરૂરિયાત છે પણ ઘરમાં કે ઘરના આંગણામાં સંડાસ (શૌચાલય) હોવું એ એમના માટે મહત્ત્વની બાબત નથી. ને તેમાંય યુવાન કન્યાઓ, સ્ત્રીઓ કે વૃદ્ધાઓને કેટકેટલું સહન કરવું પડે છે અને કેવી ક્ષોભનીય દશામાં મુકાવું પડે છે તેનો પણ તેમને ખ્યાલ સુધ્ધાં નથી. રેતી અને ઈંટો મૂકી કામચલાઉ બનાવાતાં શૌચાલય કરતાં અલગ રીતે ભીંતો-બારણાં દ્વારા તે બનાવવાથી વ્યક્તિ કેટલી બધી રીતે માનસિક શાંતિ અનુભવે તે તો આ ઝુંબેશને પરિણામે લગભગ બધી પ્રજા અનુભવી શકી છે.

પ્રસ્તુત પુસ્તકમાં ગુજરાત રાજ્યમાં મૂળભૂત રીતે ખુલ્લામાં શૌચ વિરુદ્ધ ભારતની લડાઈનો ચિતાર રજૂ કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં અનેક સપનાંઓમાંનું એક સપનું તે 'સ્વચ્છ ભારત અભિયાન'. ગાંધીજી તો પહેલેથી જ સ્વચ્છતાના આગ્રહી અને સમર્થક હતા. તેઓ કહેતા, 'સ્વચ્છતા સ્વતંત્રતા કરતાં વધારે અગત્યની છે.' લેખિકાને જ્યારે સચિવ અને કમિશનર, ગ્રામવિકાસ વિભાગમાં ફરજ સોંપવામાં આવી ત્યારે તેમને ગ્રામીણ લોકોની સદ્‌ભાવનાઓ માટે કામ કરવાનું તથા તેમનું જીવન સુધારવાનું કામ ગમ્યું. ને તે પછી તો તેઓ ગુજરાતને ખુલ્લામાં શૌચમુક્ત કરવાના મિશનમાં પૂરેપૂરાં ખૂંપી ગયાં. ગ્રામ્યસમાજનાં સ્ત્રી-પુરુષો, યુવક-યુવતીઓ અને અન્ય સાથેના અનેક સારા-માઠા અનુભવોને અંતે તેમણે માણસને

**(અનુસંધાન ૧૬મા પાને)**

# કારમાં 5G ટેક્નોલોજીથી આવશે મોટું પરિવર્તન

5Gના હાઈસ્પીડ નેટવર્કથી કારની ટૅક્નૉલૉજી વધુ સલામત બની રહી છે. તે એટલે સુધી કે ઘરમાં બેસીને બહાર પડેલી કાર રિમોટથી સરખી પાર્ક કરી શકાશે!

દેશમાં 5G સ્માર્ટફોન યુઝર્સની સંખ્યા ૧૦ કરોડને પાર પહોંચી ગઈ છે. જેમના મોબાઈલમાં 5G નેટવર્ક સપોર્ટ કરે છે એવા યુઝર્સનો આંકડો વધતો જાય છે તેમ દેશના મોબાઈલ નેટવર્ક સર્વિસ પ્રોવાઈડર્સ તેમની 5G સર્વિસનો વ્યાપ પણ વધારી રહ્યા છે. આ વર્ષના અંતે 5G યુઝર્સની સંખ્યા ૧૪થી ૧૫ કરોડે પહોંચે એવી ધારણા છે ને ૨૦૨૮ સુધીમાં એટલે કે આગામી પાંચ વર્ષમાં દેશના ૭૦ કરોડ યુઝર્સ 5G નેટવર્કની રેન્જમાં આવી જશે. 5G ઈન્ટરનેટમાં આઠ-દસ જીબીની ફિલ્મને ડાઉનલૉડ થતાં માત્ર છ સેકન્ડનો સમય લાગે છે. વીડિયો કૉલથી લઈને ફ્લાઈટ-બસ-ટ્રેનની ટિકિટ બુક કરાવવા સુધી અને સોશિયલ મીડિયા, ગૂગલ સર્ચિંગ, ઓટીટીના સ્ટ્રીમિંગ સુધી તમામ સ્તરે 5Gની અસર જોવા મળશે.

ઑટોમોબાઈલ ક્ષેત્ર પણ 5Gની અસરથી બાકાત રહેશે નહીં. નવા જમાનાની કાર-ટૅક્નૉલૉજી સ્માર્ટ છે, 5Gનું તેની સાથે જોડાણ થશે પછી કાર અલ્ટ્રા સ્માર્ટ બની જશે. નવા જમાનાની 5G નેટવર્કથી કનેક્ટેડ કારને રસ્તાની વિગતો મળતી રહેશે. થોડાક કિલોમીટર દૂરના ટ્રાફિકની માહિતીથી લઈને બદલાતાં વાતાવરણ-તાપમાનનો ડેટા કારના ચાલકને ચંદ સેકન્ડમાં મળશે.

મોબાઈલમાં 5G નેટવર્કની સ્પીડ અને કારમાં એઆઈની નૂતન ટૅક્નૉલૉજી એવો સંયોગ રચશે કે દુનિયાભરમાં કાર-સંચાલનની રીત જ બદલાઈ જશે. તે એટલે સુધી કે ઘરમાં બેઠાં બેઠાં બહાર પડેલી કાર પાર્ક થઈ શકશે. ઈન્ડિયન મોબાઈલ કૉંગ્રેસની ઈવેન્ટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રિમોટથી કાર સંચાલિત કરી હતી, એ કાર વળી છેક યુરોપમાં હતી. 5G નેટવર્કના કારણે આ શક્ય બન્યું હતું. બહુ ઉતાવળ હોય અને બહાર જ્યાં જગ્યા મળે ત્યાં કાર પાર્ક કરીને આવી ગયા હોઈએ પછી જ્યારે જગ્યા થાય ત્યારે કાર ફરીથી સરખી કરવી હશે ત્યારે કારને 5G સાથે કનેક્ટ કરીને રિમોટથી ચલાવી શકાશે.

સેલ્યુલર વ્હિકલ ટુ એવરીથિંગ. આ ટૅક્નૉલૉજી પર દુનિયાભરની ટોચની કાર-કંપનીઓ પ્રયોગો કરી રહી છે. આ ટૅક્નૉલૉજી ભવિષ્યમાં ઑટોમોબાઈલના ક્ષેત્રમાં ચાવીરૂપ ભૂમિકા ભજવશે. તેનાથી ટ્રાફિક જામ સર્જાતો બંધ થશે. માર્ગ પર ચાલતાં અન્ય 5G વાહનો સાથે જે તે કાર કનેક્ટ થઈ જશે. એ વાહન કેટલાં અંતરે છે, કેટલી સ્પીડથી ચાલે છે અને કેટલી વારમાં ઓવરટેક કરશે કે કેટલી વારમાં સામેથી પસાર થશે એ બધી જ વિગતો 5G નેટવર્કના કારણે શક્ય બનશે. અત્યાર સુધી પણ ઘણી કારમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સંચાલિત સિસ્ટમ છે, પરંતુ નેટવર્કની સ્પીડના કારણે




આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સિસ્ટમ વધારે અસરકારક રીતે કામ કરશે. એટલું જ નહીં, પગપાળા ચાલતા લોકો પાસે 5G નેટવર્ક ડિવાઈસ હશે એટલે એની વિગતો પણ સેટેલાઈટની મદદથી કારચાલકને મળશે.

કોઈ અજાણ્યો રસ્તો વાહનચાલકે પહેલી વખત પકડ્યો હશે અને રસ્તો સારો છે કે નહીં, માર્ગમાં કેટલાં સ્થળોએ ડિવાઈડર તૂટેલાં છે, રસ્તો કેટલા કિલોમીટર સુધી નાનો કે પહાળો થઈ જશે - એ બધી જ વિગત 5G ટેક્નૉલૉજીની ડેટા સ્પીડના કારણે વાહનચાલકને ઝડપથી મળશે. સામાન્ય રીતે વાહનચાલકો અન્ય વાહનચાલકો કે પછી દુકાનદારોને પૂછતા હોય છે કે આગળનો રસ્તો કેવો છે ? પરંતુ 5G સજ્જ કારના ચાલકને એવી પૂછપરછમાંથી છુટકારો મળશે. ઈનફેક્ટ, ખરાબ રસ્તો હોવાથી ફ્યૂઅલની ટૅંક કેટલી ખાલી થશે કે ઈલેક્ટ્રિક કારની બૅટરી કેટલી ચાલશે - એનું ઍનાલિસિસ પણ શક્ય બનશે.

સ્પેનમાં 5G સજ્જ વાહનોનો એક રસપ્રદ પ્રયોગ સફળ થઈ ચૂક્યો છે. કેટલીક ટેલિકોમ કંપનીઓએ સંયુક્ત રીતે ટનલમાં 5G ટ્રાન્સમીટર લગાવીને એમાં આધુનિક સેન્સર્સ જડી દીધા. ટનલમાંથી પસાર થતાં 5G ટેક્નૉલૉજીથી સજ્જ વાહનના ચાલકને માર્ગના સમારકામથી લઈને ‘વાહન ધીમે હાંકો’, એક્સિડેન્ટની વિગતો, ટ્રાફિક જામની કેટલા ટકા શક્યતા, ટનલની અંદર ક્યાં કેવી રીતે લોકો ઊભા છે અને આગળનું તાપમાન કેટલું હશે - એની વિગતોનું નોટિફિકેશન મળે છે. આ સફળ પ્રયોગ પછી ભવિષ્યની કારસંચાલનની પદ્ધતિ કેવી અદ્‌ભુત હશે તેનો અંદાજ લગાવાયો હતો. સ્વીડનની કંપનીએ દુર્ગમ સ્થળે સ્ટાફને મોકલવાનું મુશ્કેલ હતું ત્યાં 5Gથી સજ્જ ઑટોમૅટિક વાહનને મોકલવાનો પ્રયોગ કર્યો હતો. કંપનીના સંશોધકોના મતે આ ટેક્નૉલૉજીથી આગામી સમયમાં અતિશય કપરા માર્ગ પર થતા અકસ્માતો અટકાવી શકાશે.

અત્યારે આધુનિક લક્ઝુરિયસ કારમાં સૉફ્ટવૅર અપડેટ કરાવવા માટે સર્વિસ સ્ટેશને જવું પડે છે. અમુક કલાકો કાર સર્વિસ સ્ટેશનમાં મૂક્યા પછી સૉફ્ટવૅર અપડેટની પ્રક્રિયા થાય છે. હજુ સુધી સ્માર્ટફોનની જેમ કારમાં ઑટોમૅટિક સૉફ્ટવૅર અપડેટની સુવિધા નથી, પરંતુ 5G નેટવર્ક ધરાવતી કારમાં બધાં જ સૉફ્ટવૅર ઑટોમૅટિક અપડેટ થઈ જશે. કાર 5G નેટવર્કમાં કનેક્ટ થશે અને કંપનીએ સૉફ્ટવૅરમાં અપડેટ આપ્યું હશે

તો યુઝરના મોબાઈલમાં એક નોટિફિકેશન આપીને તુરંત સૉફ્ટવૅર અપડેટની પ્રક્રિયા શરૂ કરી દેશે.

૨૦૨૧માં નવી બનતી ૯૦ ટકા કાર 4G નેટવર્ક સાથે કનેક્ટિવિટીની ટૅક્નૉલૉજી ધરાવતી હતી. ૨૦૨૫ના વર્ષમાં દુનિયાભરના માર્ગો પર ચાલતી સરેરાશ ચારમાંથી એક કાર 5G નેટવર્કની ક્ષમતા ધરાવતી હશે. સેમિકન્ડક્ટર્સની અછત સર્જાઈ હોવાથી ૨૦૨૦ પછી કારના ઉત્પાદનમાં ઘટાડો થયો હતો. હવે અછત દૂર થતાં સેમિકન્ડક્ટર્સના માધ્યમથી નવી બની રહેલી કારમાં ટૅક્નૉલૉજી અપડેટ થઈ રહી છે.

અત્યારે ચીન સૌથી વધુ 5G કનેક્ટેડ કાર ધરાવે છે. ચીનમાં ટોચની કંપનીઓના ઉત્પાદન એકમો છે, ચીને 5G નેટવર્કની શરૂઆત પાંચેક વર્ષ પહેલાં કરી દીધી હતી. ચીનમાં 5G કનેક્ટેડ કારના અનેક પ્રયોગો થઈ રહ્યા છે. વાહનચાલકના સ્વાસ્થ્યમાં કંઈક ફેરફાર થાય તો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની મદદથી તેની વિગતો એકઠી કરીને કારમાં નિયત કરેલી સિસ્ટમ ઇમરજન્સી કૉલ પણ કરી દેશે. ધારો કે, કારચાલકનું બ્લડપ્રેશર વધી જાય કે શરીરનું તાપમાન વધે તો તુરંત જ 5G ટૅક્નૉલૉજીની સ્પીડનો ઉપયોગ કરીને કારમાંથી નજીકની હૉસ્પિટલમાં નોટિફિકેશન આપી દેશે. 5G ટૅક્નૉલૉજીનો જે ઝડપે વિકાસ થતો હતો એ પછી ૨૦૨૧થી ૨૦૨૨ દરમિયાન દુનિયામાં પાંચ લાખ 5G નેટવર્કની કનેક્ટિવિટી ધરાવતી કાર વેચાઈ હતી. અત્યારે ચીન, યુરોપ અને અમેરિકામાં 5G કારની સર્વાધિક ડિમાન્ડ છે. ભારતમાં પણ 5G ટૅક્નૉલૉજીની સાથે 5G કનેક્ટેડ કારના ટકોરા પડ્યા છે. દેશમાં ડ્રાઈવિંગ એક્સપીરિયન્સ બહેતર બનશે. 5G ટૅક્નૉલૉજીથી વાહનસંચાલનમાં આમૂલ પરિવર્તનો આવશે.

4G નેટવર્કના કારણે ઘણી વખત કારમાં જે ટૅક્નૉલૉજી હતી તેને કનેક્ટ કરવામાં કે ઑપરેટ કરવામાં મુશ્કેલી પડતી હતી, પરંતુ હવે 5G નેટવર્કની સુવિધા મળી જતાં નેટવર્કની સ્પીડ અકલ્પનીય વધી છે. ત્યારે કારની ટૅક્નૉલૉજીનો ઝડપભેર વિકાસ થઈ રહ્યો છે. 5Gથી કનેક્ટેડ કાર વધારે સલામત બનશે.

**– હર્ષ મેસવાણિયા**

---

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાતી વિશ્વકોશ દ્વારા એક નવું આયોજન આકાર લઈ રહ્યું છે. દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે વિશ્વકોશ દ્વારા આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

ઑગસ્ટ મહિનામાં ૬ ઑગસ્ટે 'ગુરુદેવો ભવ', ૧૩ ઑગસ્ટ 'આપણા સુભાષચંદ્ર બોઝ' વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ તથા ૨૦ ઑગસ્ટે 'સાચો મિત્ર કોણ ?', ૨૭ ઑગસ્ટે 'સમજુ બકરીઓ' વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

# પુસ્તકપ્રેમીનો પુરુષાર્થ


કૃષ્ણા ગૌડા

વ્યક્તિ પોતાની મહેનત અને લગનથી ગમે તેવી મુશ્કેલીઓનો સામનો કરીને સફળતા હાંસલ કરે છે. કર્ણાટકના કૃષ્ણા ગૌડાના જીવનમાં આવો જ સંઘર્ષ જોવા મળે છે. ઘરની આર્થિક પરિસ્થિતિને કારણે પ્રિ-યુનિવર્સિટીનો અભ્યાસ છોડીને નોકરીની શોધ કરી. મૈસૂરના રંગસમુદ્રમ નામના નાના ગામમાં રહેતા હોવાથી એવી કોઈ નોકરી મળવી મુશ્કેલ હતી, પરંતુ મૈસૂરમાં કાકાની ડુંગળીની દુકાન હતી, તેથી કાકાએ કૃષ્ણાને કહ્યું કે, 'એ દિવસે દુકાનમાં કામ કરે અને સાંજે કૉલેજ જાય, તો તેનો અભ્યાસ પણ ચાલુ રહે', પરંતુ કૃષ્ણા ગૌડાના મનમાં આ વાત બેઠી નહીં. એણે જોયું કે એના જ ગામનો માયી ગૌડા બૅંગાલુરુ જઈને ચોપડીઓ વેચતો હતો. કૃષ્ણા ગૌડાએ ડુંગળી વેચવાનું છોડીને પુસ્તક વેચવાનું પસંદ કર્યું. તે બૅંગાલુરુ ગયો અને માયી ગૌડા સાથે એમ.જી.રોડની ફૂટપાથ પર પુસ્તકો વેચવા લાગ્યો. ફૂટપાથ પરની માયી ગૌડાની દુકાનનું નામ હતું - 'બ્લોસમ બુક હાઉસ'. આજે તો તે બૅંગાલુરુની બહુ નામાંકિત દુકાન ગણાય છે. માયી ગૌડાએ કૃષ્ણાને પોતાની સાથે કામ કરવા કહ્યું અને ૧૯૯૭થી તે પુસ્તકો વેચવા લાગ્યો.

૧૯૯૭થી ૨૦૦૧ સુધી અર્થાત્ ચાર વર્ષ એણે માયી ગૌડા સાથે કામ કર્યું અને સાંજની કૉલેજમાં અભ્યાસ કરીને સ્નાતકની ડિગ્રી મેળવી. આ પછી કૃષ્ણાએ તેનાથી અલગ થઈને એમ.જી.રોડની ફૂટપાથ પર જ બુકવૉર્મ (Bookworm) નામે ચોપડી વેચવાનું શરૂ કર્યું. આ સમય દરમિયાન એણે પુષ્કળ કન્નડ સાહિત્ય વાંચ્યું તેમજ અંગ્રેજી ચોપડીઓ પણ વાંચી. પુસ્તકો પ્રત્યેનો એનો લગાવ વધવા લાગ્યો. ૨૦૦૪માં એણે પોતાની એક નાનકડી દુકાન શરૂ કરી. આજે એની ત્રણ દુકાન છે, તેમાંથી એક દુકાનમાં માત્ર બાળકો માટેનાં પુસ્તકો મળે છે. આજે તેઓ બૅંગાલુરુના વ્યસ્ત ચર્ચ સ્ટ્રીટમાં બે માળનો બુકસ્ટોર ચલાવે છે. એમની દુકાનમાં વાચકોને લેખકોને મળવાની તક મળે છે અને તેમના પુસ્તક વિશે ચર્ચા કરી શકે છે.

જાણીતા ઇતિહાસવિદ રામચંદ્ર ગુહા, અનિતા નાયર, સુરેશ મેનન જેવા કેટલાય લેખકો તેમને ત્યાં આવે છે. પૂર્વવડાપ્રધાન દેવે ગૌડાની જીવનકથા 'ફ્યુરોઝ ઇન ધ

ફિલ્ડ'(Furrows in the Field)નું વિમોચન થયું, ત્યારે ત્રીજી જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ બુકવૉર્મમાં તેમણે એક કલાક વિતાવ્યો હતો. રામચંદ્ર ગુહા નિયમિત રીતે બુકવૉર્મ અને બ્લોસમ બુક હાઉસની મુલાકાત લે છે અને બંને જગ્યાએથી કોઈ પક્ષપાત વિના પુસ્તકો ખરીદે છે. કૃષ્ણા ગૌડા ગ્રાહકોની રસ અને રુચિને સમજે છે અને એમને ઘણાં પુસ્તકો વાંચવાનું સૂચન પણ કરે છે. એની વિશેષતા એ છે કે એને ત્યાં નવાં અને જૂનાં બંને પ્રકારનાં પુસ્તકોનો બહુ મોટો સંગ્રહ છે. બાળકો અંગેનાં પુસ્તકો હજારોની સંખ્યામાં છે અને મોટાભાગનાં પુસ્તકોની કિંમત પચાસ રૂપિયા છે. ઘણી જગ્યાએ ન મળતાં પુસ્તકો બુકવૉર્મમાં મળી જાય છે. તેથી ઘણા ગ્રાહકો પુસ્તકોની શોધમાં મોટી આશા સાથે આવતા હોય છે. કૃષ્ણા ગૌડા એવાં પુસ્તકો મેળવી આપે છે. ગ્રાહકોને પુસ્તકો મળ્યાનો તો આનંદ થાય છે, પરંતુ જે ઝડપે મળે છે તેનો પણ આનંદ છે. કૃષ્ણા ગૌડા કહે છે કે એ અંગે એમણે કોઈ પદ્ધતિ વિકસાવી નથી, પરંતુ એમને ખબર હોય છે કે પુસ્તકો ક્યાં મૂક્યાં છે.

કૃષ્ણા ગૌડાએ આ ક્ષેત્રમાં પચીસ વર્ષ પૂર્ણ કર્યાં તે નિમિત્તે તેમના એક નિયમિત ગ્રાહક અને પુસ્તકપ્રેમી વી.આર. ફિરોજે એમના પર 'ધ બુકમૅન ઑફ બૅંગાલુરુ' નામની ડૉક્યુમેન્ટરી બનાવી, જે જુલાઈ, ૨૦૨૨માં બૅંગાલુરુ ઇન્ટરનેશનલ સેન્ટરમાં દર્શાવવામાં આવી. સુધા મેનન સાથે વી.આર.ફિરોજે લખેલું 'ગિફ્ટેડ' પુસ્તકમાં દિવ્યાંગો વિશેની પ્રેરણાત્મક વાતો છે. એ પછી આ વિષયમાં એમણે 'ધ ઇનવિઝિબલ મેજૉરિટી' પુસ્તક પણ લખ્યું છે. આવા સારા હેતુ માટે લખાયેલા આ પુસ્તક પર કૃષ્ણા ગૌડાએ વીસ ટકા વળતર ઉપરાંત પોતાના તરફથી વીસ ટકા વળતર આપ્યું અને તેઓ હવે પોતાની દુકાનને વ્હિલચૅર એક્સેસવાળી બનાવવા માંગે છે, જેથી દિવ્યાંગોને આવવામાં સરળતા રહે. ફિરોજ સાથે ગાઢ મિત્રતા થતાં તેઓ કૃષ્ણા ગૌડાને ઘરે ગયા. કૃષ્ણાનાં પત્ની ઉમા અને એંશી વર્ષનાં માતા સાથે કૉફી પીધી, ત્યારે ઉમાએ એને મલાલા યુસુફઝાઈની સહીવાળું પુસ્તક ભેટ આપ્યું. કૃષ્ણાએ પત્નીને આપેલું પુસ્તક લેવાની ફિરોજની ઇચ્છા નહોતી, પરંતુ તેઓ માન્યા નહીં. આ ઉપરાંત મૈસૂરના મહારાજાની સહીવાળી ગાંધીજીની આત્મકથા પણ એમની પાસે છે. આવાં ઘણાં પુસ્તકો તેમની પાસે છે, જેનો તેઓ જુદો વિભાગ બનાવવા માંગે છે.

સોશિયલ મીડિયા અને ટૅક્નૉલૉજીના વધતા પ્રભાવને કારણે તેઓ થોડા વખતમાં મોબાઈલ એપ બનાવવાના છે. જેનાથી ગ્રાહકો કૅટલૉગ વાંચી શકે અને ઑર્ડર આપીને ઘરે બેઠા પુસ્તકો મેળવી શકે. મહામારી સમયે એમણે ડુંઝો, સ્વિગી અને સ્પીડ પોસ્ટથી લોકોને પુસ્તકો પહોંચાડ્યાં હતાં. તેઓ તેમની એક શાખા હોસકેરહલ્લીમાં સ્થાપવા માંગે છે. જ્યાંથી ઑનલાઇન વ્યવસાય કરશે. વ્યવસાયમાં આટલી સફળતા પછી પણ તેઓ પોતાની જન્મભૂમિને ભૂલ્યા નથી. ગામમાં અને કુટુંબમાં ઘણી મદદ કરે છે. કેટલાક લોકો કૃષ્ણામાં રહેલા પેશન, હંગર અને ડિઝાયર(PHD)ને સફળતાનું કારણ માને છે, પરંતુ તેઓ પોતાની સફળતાનો યશ બૅંગાલુરુની પુસ્તકપ્રેમી જનતાને આપે છે.

**- પ્રીતિ શાહ**

# ખબર નહીં, મારી જિંદગીમાં આ શું થવા બેઠું છે !

સમય ક્યારેય એકસરખો રહેતો નથી. આ વાત આમ તો દુનિયાની દરેક વ્યક્તિ જાણે છે. પરિવર્તનો થતાં રહે છે. ક્યારેક સારા તો ક્યારેક ખરાબ બનાવો આપણા સહુની સાથે બનતા રહે છે. અચાનક જ કંઈક સારું બને ત્યારે આપણને ચમત્કાર જેવું લાગે છે. આવું તો મેં ક્યારેય વિચાર્યું જ નહોતું ! ક્યારેક કંઈક ખરાબ ઘટના બને ત્યારે આઘાત લાગે છે. આપણને સવાલ થાય છે કે, આ શું થઈ રહ્યું છે ? મગજ કામ કરતું નથી. કોઈ રસ્તો સૂઝતો નથી. બધું જાણે એકદમ થંભી ગયું હોય એવું લાગે છે. ચમત્કાર અને આઘાત – બે અંતિમ છેડાનાં સત્યો છે. સારું થાય ત્યારે આપણે આનંદથી ઝૂમી ઊઠીએ છીએ. એ સમયે કોઈ સવાલ જાગતા નથી. પોતાના લાભમાં હોય એવી ઘટનાને માણસ ખુલ્લા દિલે આવકારે છે. ખરાબ ઘટના બને ત્યારે એ ફરિયાદો અને આક્ષેપો કરે છે તથા અફસોસ કરે છે. માણસનો આ સ્વભાવ છે. આપણે બધા માણસો છીએ તેથી એવી અસર તો થવાની જ છે.

જિંદગી આઘાત આપતી રહે છે. આ આઘાતનો આપણે કેવો પ્રત્યાઘાત આપીએ છીએ ? બધા લોકો આઘાત પચાવી શકતા નથી. કોઈ ડરી જાય તો કોઈ ધ્રૂજી જાય છે તો કોઈ હતાશ થઈ જાય છે. એવું માનવા લાગે છે કે જાણે બધું જ ખતમ થઈ ગયું ! ખરેખર બધું ખતમ થઈ જતું હોય છે ? એક માણસ હતો. એનો ધંધો ભાંગી પડ્યો. એણે જે ગણતરીઓ કરી હતી, તે બધી જ ઊંધી વળી ગઈ. ધંધામાં ખોટ જતાં એ ઘરમાં પણ શાંતિથી રહી શકતો નહોતો. પત્ની અને પરિવારજનો સાથે પણ પ્રશ્નો ઊઠવા લાગ્યા. ક્યાંય ચેન પડતું નહોતું. આ માણસ એક સંત પાસે ગયો. સંતને કહ્યું કે, મારી સાથે સતત ખરાબ બનાવો જ બને છે. ખબર નહીં, મારી જિંદગીમાં આ શું થવા બેઠું છે ! સંતે કહ્યું, 'તારી આંગળી તારા નાક પાસે મૂક ! જરાક ચેક તો કર કે, તારા શ્વાસ ચાલે છે કે નહીં ?' પેલા માણસે નાક પર આંગળી મૂકીને કહ્યું, 'હા, શ્વાસ તો ચાલે છે.' સંતે કહ્યું, 'એક વાત યાદ રાખ, જ્યાં સુધી શ્વાસ ચાલે છે, ત્યાં સુધી કશું ખતમ થતું નથી. તને એમ લાગે છે કે સઘળું ખતમ થઈ ગયું છે. એ તો એક ઘટના છે. સમય સાથે એ પણ બદલાઈ જશે. તું સ્વસ્થતા ગુમાવીશ તો તું તને જ નુકસાન પહોંચાડીશ.' મુશ્કેલીમાં જ્યારે માણસે સ્વસ્થ અને શાંત રહેવાનું હોય છે, ત્યારે જ એ બેબાકળો ને બેચેન થઈ જાય છે. જ્યારે ખરાબ પરિસ્થિતિ હોય ત્યારે માણસે સૌથી વધુ ધ્યાન પોતાનું રાખવાનું હોય છે. જે મનથી મજબૂત રહે છે, એ કોઈ પણ પરિસ્થિતિમાં વિચલિત થતો નથી.

માણસ અસલામત દુનિયામાં સતત સલામતી શોધતો રહે છે. માત્ર માણસ જ નહીં, દુનિયાનો દરેક જીવ પોતાના રક્ષણ માટે સલામતી શોધે છે. માણસે વાતાવરણથી બચવા માટે ઘરો બનાવ્યાં. ઘરમાં પણ જાતજાતની સુવિધાઓ ઊભી કરી. સલામત

રહી શકાય એવાં સાધનો વિકસાવ્યાં. આપણે બધા સલામત રહેવાનો પ્રયાસ કરીએ છીએ અને એમાં કશું ખોટું પણ નથી. ખ્યાલ એટલો રાખવાનો કે, આપણે રચેલી સલામતીમાં જ્યારે વિક્ષેપ પડે, ત્યારે હચમચી ન જવું, ડરી કે ડગી જવું નહીં. આપણે જો વિચાર કરીએ તો એક વાત તો ઊડીને આંખે વળગશે જ કે, આપણું અસ્તિત્વ ટકી રહે એટલું તો આપણી પાસે હોય જ છે.

એક માણસ પાસે સારો એવો વ્યવસાય હતો. બધું જ સરસ ચાલતું હતું, ત્યાં અચાનક મંદી આવી. એ જે કંપનીમાં કામ કરતો હતો, એ કંપનીએ પોતાનું કામકાજ સમેટી લીધું. બીજે ક્યાંય નોકરી મળે એવું નહોતું. એ માણસ થોડીક સાંત્વના, થોડુંક આશ્વાસન, થોડીક હિંમત અને નવો કોઈ રસ્તો મેળવવા માટે એક ફકીર પાસે ગયો. ફકીરને કહ્યું, 'હું સાવ બરબાદ થઈ ગયો છું. મારી નોકરી ચાલી ગઈ. હું બહુ દુઃખી થઈ ગયો છું.' ફકીરે પૂછ્યું, 'કેમ તારી પાસે ઘર નથી ?' પેલા માણસે કહ્યું, 'ઘર તો છે.' ફકીરે બીજો સવાલ કર્યો, 'તો તારી પાસે ખાવાનું નથી ?' પેલા માણસે કહ્યું, 'ખાવાનું પણ છે.' ફકીરે કહ્યું, 'તારી પાસે ઘર છે, ખાવાનું છે, પરિવાર છે, અહીં તું મને મળવા માટે કાર લઈને આવ્યો છે અને તું કહે છે કે, હું દુઃખી છું !' ખડખડાટ હસતાં હસતાં ફકીરે કહ્યું, 'મારી પાસે આ એક ઝૂંપડી છે, બીજું કંઈ નથી, છતાં હું સુખી છું ! આ ઝૂંપડી પણ હમણાં હવામાં ઊડી જાય તોપણ મારા સુખમાં કંઈ ફેર ન પડે ! તું દુઃખી નથી. તેં દુઃખને ઓઢી રાખ્યું છે. દુઃખનું જે ઓઢણું ઓઢ્યું છે ને એને ફગાવી દે ! તારી પાસે એટલું તો છે જ કે લાંબો સમય તને કંઈ જ મુશ્કેલી આવવાની નથી ! જ્યાં સુધી કોઈ વાંધો આવે એમ નથી, ત્યાં સુધી તો સરખી રીતે જીવ ! ખૂટે એ પહેલાં કંઈક રસ્તો નીકળી આવશે !' કોઈ પણ સમસ્યાનો રસ્તો વહેલો કે મોડો નીકળી આવતો હોય છે. આપણી સમસ્યા એ હોય છે કે, આપણને તાત્કાલિક ઉકેલ જોઈતો હોય છે. આપણને સમસ્યાનું ત્વરિત નિરાકરણ જોઈતું હોય છે. ધીરજ જેવું કંઈ હોતું જ નથી. ફૂલની સુગંધ માણવા ફૂલને ખીલવા દેવું પડે છે. ફળનો સ્વાદ માણતાં પહેલાં તેને પાકવા દેવું પડે છે. પ્રકાશ માટે સૂરજ ઊગવાની રાહ જોવી પડતી હોય છે. જિંદગીની સમસ્યાઓના નિરાકરણ માટે પણ ધીરજ ધરવી પડતી હોય છે. માણસે ત્યાં સુધી જ ટકી રહેવાનું હોય છે, જ્યાં સુધી એને કોઈ રસ્તો ન મળે ! આપણને ટકવાની કે લડવાની આદત જ નથી હોતી ! આપણે તરત જ ભયભીત અને બેબાકળા બની જઈએ છીએ. સાત પેઢી ખાય તોપણ ન ખૂટે એટલું હોવા છતાં માણસ દુઃખી હોય છે. આપણી ફિતરત ઉપર આપણે નજર રાખવી જોઈએ. આપણી ફિતરત ચિંતાગ્રસ્ત રહેવાની તો નથી ને ? જો ચિંતા કરવાની આદત પડી જશે, તો જિંદગીનો આનંદ દૂર જ રહેશે. એક માણસ કપરા સમયમાંથી પસાર થઈ રહ્યો હતો. સ્વાભાવિક રીતે જ આવા કપરા સમયમાં માણસને જાતજાતના અનુભવો થતા હોય છે. આ માણસ સાથે પણ એવું જ બન્યું. એ માણસ એક ફિલૉસૉફરને મળવા માટે નિયમિત રીતે જતો. ખરાબ સમય વિશે વાત થઈ એટલે પેલા માણસે ફિલૉસૉફર સામે બળાપો ઠાલવ્યો. તેણે કહ્યું, 'મારા ખરાબ સમયમાં બધા ઓળખાઈ ગયા. કોણ મારું છે, કોણ પારકું છે, કોને મારી ચિંતા છે એની બધી ખબર પડી ગઈ. કોણ મદદ કરવા આવ્યું અને

કોણે મોઢું ફેરવી લીધું એ પણ મેં જોઈ લીધું !' આ માણસની વાત સાંભળીને ફિલૉસૉફરે કહ્યું, 'જે લોકો તારા હતા અને જે લોકો સારા હતા, એના પણ શ્રેષ્ઠ અનુભવો તને થયા ને ?' પેલા માણસે કહ્યું, 'હા, એ અનુભવો પણ થયા !' ફિલૉસૉફરે કહ્યું કે, 'તો તો તારે આ કપરા કાળનો આભાર માનવો જોઈએ.' આપણે કટુ અનુભવોને કે દુષ્ટ લોકોને યાદ રાખતા હોઈએ છીએ. વિચારીએ છીએ કે તે માણસ મારો ભાવ પૂછવા પણ આવ્યો નહોતો, તેણે મારી જરાયે પરવા કરી ન હતી. હકીકતે તો આપણે એ યાદ રાખવું જોઈએ કે, મારી પરિસ્થિતિ ગમે એટલી ખરાબ થઈ ગઈ હતી, તોપણ આટલા લોકો મારી પડખે ઊભા રહ્યા હતા. આમ પણ આપણી સ્થિતિને મોટાભાગે આપણા હોદ્દા અને આપણી સંપત્તિથી જ માપીએ છીએ. આપણે આપણા સ્વભાવ, વર્તન, વ્યવહાર, સમજણ અને ડહાપણથી આપણી જાતને માપતા નથી. આપણે જો એનાથી માપતા હોઈએ, તો આપણને સમજાય કે, આપણાં વર્તન, વ્યવહાર, સમજણ, ડહાપણ, સ્નેહ, પ્રેમ, કરુણા અને ઝિંદાદિલીથી જે આકર્ષાયા હોય છે, એ આપણી સમક્ષ હાજર જ હોય છે. જે લોકો આપણા હોદ્દા અને આપણી સંપત્તિથી આકર્ષાયા હોય, એ લોકો આપણો હોદ્દો કે સંપત્તિ ચાલી જાય ત્યારે ચાલ્યા જ જવાના છે, કારણ કે એને એનું જ તો આકર્ષણ હતું !

તમારી પાસે છે એને જીવો. મોટા ભાગે પરિસ્થિતિ પણ મનનું કારણ જ હોય છે ! દરેક વખતે જિંદગી પાસેથી તમે સારી ઘટનાઓની અપેક્ષા રાખી ન શકો. અપેક્ષા રાખો તો એમાં વાંક જિંદગીનો નહીં, આપણો જ હોય છે. જિંદગીને કેવી અને કેટલી માણવી એ આપણા હાથની વાત છે. એક મહાન મ્યુઝિશિયનની આ સાવ સાચી વાત છે. એનું નામ ઇત્ઝાક પર્લમેન. પોલિયોના કારણે બચપણથી જ વ્હિલચૅર પર જીવતા ૭૪ વર્ષના આ ઇઝરાયલી અમેરિકન વાયોલિનિસ્ટને એક વખત સુખ વિશે પૂછવામાં આવ્યું. એના જવાબમાં તેણે પોતાની સાથે બનેલી એક ઘટના કહી. એક વખત હું એક કોન્સર્ટમાં વાયોલિન વગાડવાનો હતો. મેં હાથમાં વાયોલિન લીધું ત્યારે મને ખબર પડી કે, વાયોલિનનો એક તાર તો તૂટી ગયો છે. કોઈ જાતની ચિંતા કર્યા વગર મેં ત્રણ તાર પર વાયોલિન વગાડવાનું શરૂ કર્યું. એટલી તલ્લીનતાથી વાયોલિન વગાડ્યું કે લોકો આફરીન પોકારી ગયા. એક વ્યક્તિને ખબર પડી ગઈ કે વાયોલિનનો એક તાર તૂટી ગયો છે. તેણે જ્યારે શ્રોતાઓને કહ્યું કે, ત્રણ તારથી વાયોલિન વગાડવું અશક્ય છે, પણ આ વાદકે એ કરી બતાવ્યું અને આપણને એનો અણસાર સુધ્ધાં આવવા દીધો નહીં. બધાએ ઊભા થઈને તાળીઓ પાડીને તેમને વધાવી લીધા. આ મહાન વાયોલિનવાદકે માત્ર એટલું જ કહ્યું કે, આ જ વાત જિંદગીને લાગુ પડે છે. જેટલું છે એનાથી જીવનના સંગીતને માણી લો. તમારામાં જો તીવ્રતા અને તલ્લીનતા હશે, તો એકાદો તાર તૂટેલો હશે તોપણ કંઈ ફરક નહીં પડે. અભાવને અવગણતાં આવડી જાય તો ક્યારેય અસુખ લાગતું નથી. જિંદગી છે તે ક્યારેક ઉપર, તો ક્યારેક નીચે જવાની છે. પણ એને સહેજે ગભરાયા વગર જે જીવી જાણે છે એના માટે સમય ક્યારેય ખરાબ હોતો નથી !

— કૃષ્ણકાંત ઉનડકટ

# અમિતભાઈનાં ચિત્રો અને પર્યાવરણ

*[શ્રી અમિત અંબાલાલને 'ચિત્રકાર શ્રી પ્રફુલ્લ દવે કલાપ્રતિભા ઍવૉર્ડ' એનાયત થયો તે સમયે પ્રમુખસ્થાનેથી શ્રી કાર્તિકેય સારાભાઈએ આપેલું મનનીય વક્તવ્ય]*

આ ઍવૉર્ડ મારા હસ્તે અર્પણ કરવામાં આવ્યો તે બદલ વિશ્વકોશનો આભાર. હું વિચાર કરતો હતો કે આ ઍવૉર્ડ હું આપીશ પણ અમ્મા(મૃણાલિની સારાભાઈ)ના નામે આપીશ. અમિત અને રક્ષા સાથે એમનો ખૂબ સારો સંબંધ રહ્યો છે. એક કલાકાર તરીકે બંનેને એકબીજા પ્રત્યે ખૂબ આદર હતો.

શ્રી અમિતભાઈનું 'તેરા ક્યા હોગા કાલિયા ?' નામનું જે ચિત્રપ્રદર્શન યોજાયું તેમાંનું એક ચિત્ર હું સવારે કૉફી પીવા બેસું છું તેની બરાબર સામે રાખેલું છે. એમાં નીચે નાગ છે અને અમિતભાઈ એક જગ્યાએ બોલેલા કે જે પ્રદૂષણ આપણે કરી રહ્યા છીએ એનું આ એક ચિહ્ન છે. જે કામ હું દરરોજ કરું છું. એ વખતે એને નાથનાર કોણ હશે ? કૃષ્ણ કોણ થશે ? એટલે મેં વિચાર કરેલો કે આપણે બધાએ કૃષ્ણ થવાની જરૂર છે. જુઓ, આ પ્રદૂષણ અને અત્યારનું ક્લાઇમૅટ ચેન્જ(જળ-વાયુ પરિવર્તન)નું પરિણામ જે જોઈ રહ્યા છીએ એ દરેક વરસે જે રીતે વધે છે તો એ સમજવું કે આ વર્ષે આ થયું અને આવતા વરસે જુદું થશે એવું નથી. જ્યાં સુધી આપણે આ પરિસ્થિતિ અંકુશમાં નહિ લાવીએ ત્યાં સુધી ચાલ્યા કરશે. પર્યાવરણનું શિક્ષણ અત્યારે આપણે જે રીતે લઈ રહ્યા છીએ જેમાં મારું ઘણું બધું કામ છે તો હું કહીશ કે મુશ્કેલી એ છે કે લોકો પર્યાવરણને કેવી રીતે જુએ છે, પરંતુ લોકો જોતા જ નથી. લોકો સામે કંઈ પણ હોય તોપણ જોતા નથી.

શ્રી અમિતભાઈનાં ચિત્રોમાં એવું નથી કે કોઈ વસ્તુ સાદી છે, પણ એને જોવાની દૃષ્ટિ છે આપણી પાસે ? એને જીવિત કરી શકો છો ? એમનાં ચિત્રોમાં ક્યારેય કોઈ બે ચિત્રો એકસરખાં લાગશે નહિ, કારણ કે એમાં એક જાતનું ડાયનેમિક પાસું છે. એમાં ઘણી ઘણી વસ્તુ છે. હું ઘણા વખતથી વિચાર કરતો હતો કે એમણે જે કાચબો દોર્યો છે એ અરધો લીલો અને અરધો લાલ છે ! કેમ એવું છે ? પછી મને લાગ્યું કે એ પાણીની અંદર હશે એટલે એ અરધો લીલો લાગે છે, પછી પેલા પ્રદૂષણની વાત આવી. પણ એમાં અગત્યનું એ નથી કે અમિતભાઈએ શું કહ્યું ? અમિતભાઈને શું લાગ્યું એ મહત્ત્વનું છે. અમિતભાઈએ જે જોયું એ દૃષ્ટિને એમણે આપણી સાથે ચિત્ર દ્વારા આપણને એમાં ભાગ લેતા કર્યા. જેથી આપણે પણ એમની એ દૃષ્ટિથી જોઈ શકીએ. મારા માટે સૌથી અગત્યનું તે છે. ભલે આપણે એ વસ્તુને જુદી રીતે જોઈએ છીએ. ભલે આપણે અમિતભાઈની સાથે ઝઘડો પણ કરીએ કે આ ચિત્રમાં મારા પ્રમાણે તો આવું દેખાય છે, કારણ કે એમણે એ ગ્રહણ કર્યું છે. એક વખત એક ટીવીના ઇન્ટરવ્યૂમાં તેઓ બોલે છે કે એ જ્યારે પહેલા-બીજા ધોરણમાં ભણતા હતા એ શ્રેયસ

સ્કૂલમાં ગયેલા. એ વખતે નોટમાં ચિત્ર દોરતા હતા. ત્યારે શ્રી લીનાબહેન આવે છે પણ એ એમને જરાય વઢતાં નથી પણ કહે છે કે આ કેટલું સરસ ચિત્ર છે ! તું ચિત્ર જ વધારે કર. આ વાત એમણે એમનાં માતા-પિતાને કહી એટલે એમનાં માએ કહ્યું, ‘સૌથી સારી વસ્તુ એ છે કે અમિતને આ સ્કૂલમાંથી ઉઠાવી લો. આ જાતનું શિક્ષણ એ બરાબર નથી.’ અમિતભાઈનાં ચિત્રો આપણે બાળક તરીકે જોઈએ તો આપણે નિષ્ફળ જઈએ, કારણ કે આ રીતે વાંદરો ના દોરાય. ચિત્ર એ માત્ર ફોટો નથી તેમાં તમે જે જોયું એ ભાવ અંદરથી આવે એ મહત્ત્વનું છે. આ દરેક ભાવને સમજવાની દરેકની રીત પોતાની હોય છે.

અમારા ઘરે એક નાનકડું પૂજાઘર છે. એમાં એક બહેન ફૂલ ગોઠવીને તેને સરસ રીતે શણગારતાં હતાં. એક દિવસ એ મોડાં આવ્યાં એટલે એક બીજાં બહેન છે જે ઉત્તરપ્રદેશથી આવેલાં, એમણે ફૂલ ગોઠવ્યાં. તો પહેલાં બહેન મને આવીને કહે કે, ‘જુઓને, આમને કાંઈ ભાન જ નથી કે ફૂલ કેવી રીતે ગોઠવવાં ! એમણે બધાં ફૂલ ઊંધાં ગોઠવ્યાં છે.’ પછી મેં કહ્યું કે, ‘હું એમાં કશું ખરું-ખોટું નથી માનતો.’ મંજુબહેન જ્યારે ફૂલ ગોઠવે ત્યારે બધાં ફૂલ આપણી સામે હોય અને રામકુમારી જ્યારે ફૂલ ગોઠવે ત્યારે ફૂલ ભગવાનની સામે હોય. મહત્ત્વનું એ છે કે એણે એની બુદ્ધિ કેવી દોડાવી છે. એકના માટે ફૂલ શણગાર હતાં જેમનાં ફૂલ બહાર તરફ હતાં. જ્યારે રામકુમારીનાં એ ફૂલો અર્પણ માટે હતાં, જે ભગવાનની સામે હતાં. એટલે આમાં જે જોવાનું છે તે એ છે કે આ વાતનું તમે કેવી રીતે અર્થઘટન કરો છો. મને યાદ છે કે શાળામાં ચિત્રના શિક્ષક બે ત્રિકોણ દોરાવે અને વચ્ચે સૂરજ મૂકી કુદરતી દૃશ્ય દોરાવે એવો આપણા બધાનો અનુભવ હશે. બહુ બહુ તો એમાં એકાદ પક્ષી અને એકાદ નાળિયેરી દોરવાની હોય. આ સરસ લાગતું હતું. ઘણાં વરસ પછી મેં જ્યારે પર્યાવરણનું કામ પછી શરૂ કર્યું ત્યારે હું જોઉં કે ટેકરીઓ પરથી વૃક્ષો કપાઈ ગયાં છે. એ દૃષ્ટિકોણ જ જાણે બદલાઈ ગયો છે. આજે એ વૃક્ષો કપાઈ ગયેલા ડુંગરોનું ચિત્ર છે. એ જૂનું ચિત્ર હવે મારે માટે સરખું ના રહ્યું. કારણ એ નથી કે ચિત્ર બદલાયું છે, પણ મારી દૃષ્ટિ બદલાઈ ગઈ છે. એવી રીતે જ્યારે ગીધ દોરતા હતા ત્યારે મને બેડોળ પક્ષી લાગ્યાં કરતું. જેમ જેમ આમાં ગયો ત્યારે લાગ્યું કે આ કેટલું સુંદર પક્ષી છે. અમિતભાઈએ જે કાગડા દોર્યા છે તે કાગડા નથી, એ હવે ભગવાનની એક સુંદર રચના છે. એમના કાગડા અને મોર બંનેમાં ભરપૂર સૌંદર્ય છે અને એ જે આવે છે એ તમે જે દૃષ્ટિથી જુઓ છો એના પર નિર્ભર છે. અમિતભાઈએ છત્રીસ વર્ષની વયે જે પગલું લીધું કે મારે હવે ચિત્રકામ જ કરવું છે, મિલ અને એ બધું નથી કરવું, જે ખૂબ અઘરી વસ્તુ છે. શાળાઓમાં સંદેશો પહોંચાડો કે દરેક બાળક અજોડ છે. અમુક લોકોને જે તક મળે છે એ આપણે દરેક બાળકને કેમ નથી આપી શકતા ? આપણે જે ગાય અને ઈમોજી દોરીએ છીએ તે ભારતીય નથી. આ બધાં માધ્યમોમાં ભારતીયતા ઉમેરવાની જરૂર છે. અમિતભાઈનાં ચિત્રો જોઈને આપણા બાળકમાં એ આત્મવિશ્વાસ કેવી રીતે જગાડવો એ જરૂરી છે. અમિતભાઈનાં ચિત્રો અને પર્યાવરણ વચ્ચે મને સીધો સંબંધ જોવા મળે છે.

# ભાષાસજ્જતા વર્ગોનું આયોજન

ભાષા સંસ્કૃતિ અને સંસ્કારની સંવાહક છે. જેમ જેમ સંસ્કૃતિનો વિકાસ થાય છે તેમ તેમ સમાજમાં જ્ઞાનનો વિકાસ થતો જાય છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે ગુજરાતી પ્રજાને ભાષાભિમુખ કરી ભાષક દ્વારા ભાષાને સમૃદ્ધ કરવાનું બીડું ઝડપ્યું છે. ભાષા શુદ્ધ રીતે બોલાય, લખાય અને વંચાય એ માટે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના માતૃભાષા સંવર્ધન કેન્દ્ર દ્વારા બહુવિધ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સંવાહક અને માતૃભાષા યુનિવર્સિટીના સ્વપ્નદ્રષ્ટા પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ ગુજરાતી ભાષા અને ભાષાશુદ્ધિ માટે શું કરી શકાય એ માટે સતત પ્રયત્નશીલ છે. આ માટે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે એક અભિયાન શરૂ કર્યું છે. ગુજરાતી ભાષાના શિક્ષકો, વિદ્યાર્થીઓ, ભાષકો અને ભાષાપ્રેમીઓ માટે રસપ્રદ વ્યાખ્યાનશ્રેણીનું આયોજન કરવામાં આવ્યું છે.

ઘણી વખત અજાણતાં તો ક્યારેક જાણકારીના અભાવે અજ્ઞાનતાથી માતૃભાષામાં અશુદ્ધ લેખન થાય છે. આ માટે માતૃભાષાની સજ્જતા હોવી આવશ્યક છે. માતૃભાષાની સજ્જતા માટે સરળ, સ્વાભાવિક અને રસપ્રદ શૈલીમાં ઉદાહરણ સહિત જાણકારી આપવા માટે ગુજરાતી સાહિત્યના સુપ્રસિદ્ધ લેખક ડૉ. રતિલાલ બોરીસાગરે પહેલ કરી છે. એમણે ૨૮ એપ્રિલ, ૨૦૨૩થી ગુજરાતી ભાષાપ્રેમીઓ માટે મહિનાના બીજા અને ચોથા શનિવારે વર્ગસંવાદ શરૂ કર્યો છે. પ્રતિકૂળ સંજોગોમાં પણ મોટી સંખ્યામાં ભાષાપ્રેમીઓ વર્ગસંવાદમાં અચૂક ઉપસ્થિત રહે છે, એ આનંદ આશ્ચર્યની બાબત છે. રતિલાલ બોરીસાગરની સાથે ડૉ. પિંકી પંડ્યા જોડાયાં છે.

ડૉ. રતિલાલ બોરીસાગરના મતે માતૃભાષાને પ્રેમ કરનારા લોકોની સંખ્યા ઓછી નથી, પણ એ બધા અસંગઠિત છે. જો એ બધા સંગઠિત થઈને માતૃભાષાના ગૌરવનું પુનર્સ્થાપન કરવા આગળ આવે તો પરિસ્થિતિ બદલાઈ શકે તેમ છે. અત્યારે સામે પૂરે તરવાની સ્થિતિ છે. હું માતૃભાષા યુનિવર્સિટીના મંદિરના કડિયાનું કામ કરી રહ્યો છું. આજે પહેલી ઈંટ મૂકી છે. પછી મંદિર ચણાશે અને અનેક દીપકોથી માતૃભાષાનું મંદિર ઝળહળ થશે એમાં શંકા નથી.

માતૃભાષા સંવર્ધન કેન્દ્ર દ્વારા ભાષાશુદ્ધિથી અભિયાનનો આરંભ કરવામાં આવ્યો છે. આજે ભાષા શુદ્ધ રીતે પ્રયોજાતી નથી, શુદ્ધ રીતે લખાતી, બોલાતી કે વંચાતી પણ નથી ત્યારે ભાષાના દિવ્ય સ્વરૂપ પર ચડી ગયેલી અશુદ્ધિને દૂર કરવાનો નમ્ર પ્રયત્ન થઈ રહ્યો છે.

આ પવિત્ર યજ્ઞકાર્યમાં માતૃભાષાપ્રેમીઓ આહુતિ આપી રહ્યા છે. સમાજમાં ગુજરાતી ભાષાનું ગૌરવપૂર્વક પુનર્સ્થાપન કરવા ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે ભવિષ્યમાં પણ આ માતૃભાષાયજ્ઞકાર્ય ચાલુ રાખવાનું નક્કી કર્યું છે.

**- અનિલ રાવલ**

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા

# અસ્મિતા વિશેષ સંવાદ



**(૧) ડૉ. સુધીર શાહ :** સંસ્કારનો વારસો પિતાશ્રી દ્વારા કેવી રીતે પછીની પેઢીમાં ઊતરે છે તે અંગેનો બેનમૂન સંવાદ વિશ્વકોશ ટ્રસ્ટના સ્ટુડિયોમાં યોજાયો. ગુજરાતના ખ્યાતનામ તબીબવર્ય ડૉ. સુધીર શાહ પોતાની મૃદુ વાણીથી જીવનના યાદગાર પ્રસંગો કહી રહ્યા હતા અને સમય ક્યાં વીતી રહ્યો છે તેનો ખ્યાલ પણ રહ્યો ન હતો. પ્રસિદ્ધિ કે ખ્યાતિ મેળવવી એ જીવનનું લક્ષ્ય ન હોઈ શકે, પણ ઉદાત્ત માનવીય વ્યવહારોમાં કેમ ઉત્તમ સિદ્ધ થવું એ જ જીવનધ્યેય બની શકે, તેની પ્રતીતિ ડૉ. સુધીર શાહ સાથેના અસ્મિતા વિશેષ સંવાદથી અમને થઈ અને આપને પણ થશે જ.

આગલી રાતનો સંવાદ – બાપ-દીકરાનો – સાંભળવા જેવો છે. મેં પપ્પાને કીધું કે, 'પપ્પા કાલે આપણે પ્રૅક્ટિસ ચાલુ કરીએ છીએ.' એટલું કહીને પછી હું આંટા મારવા લાગ્યો. મને કહે, 'બેટા, નર્વસ કેમ લાગે છે તું ?' પપ્પા તો નસ પકડી શકે ને ? મેં કહ્યું, 'પપ્પા સાચું કહું, આટલા બધા પૈસા ખર્ચીને આપણે પ્રૅક્ટિસ તો શરૂ કરીએ છીએ પણ મારી પ્રૅક્ટિસ ચાલશે ? પપ્પા, આ લોન ને બધું ભરપાઈ કરી શકીશું ?' મને બાજુમાં બેસાડ્યો, મારે માથે હાથ ફેરવ્યો. મને કહે, 'બેટા, તું મારો દીકરો છે. પ્રોફેશનલ બ્લડ તારામાં છે. પ્રોફેશન કેવી રીતે કરવું એ તને આવડે છે. મને ખાતરી છે કે તારી પ્રૅક્ટિસ સારી રીતે ચાલશે, કારણ કે how to tackle situation you know, વળી, તું આટલું બધું ભણ્યો છે. તારું જ્ઞાન આટલું સારું છે, એટલે મને ખાતરી છે કે તારી પ્રૅક્ટિસ ચાલશે. વિશેષમાં તારામાં કરુણાનો અંશ હું જોઉં છું એ પણ તને મદદ કરશે.' પછી કહે, 'આજે તારે મને બે પ્રૉમિસ આપવાનાં છે.' મેં કહ્યું, 'ચોક્કસ પપ્પા.' પહેલાં હું હાથ જોડી ગયો.... 'બેટા, બે પ્રૉમિસ : ૧. જેના મોઢે ઈશ્વરનું નામ હોય, કોઈ પણ સાધુ-સંત હોય, જૈન હોય, સનાતનધર્મી હોય, વૈષ્ણવજન હોય, બ્રહ્માકુમારી હોય, મૌલવી હોય કે ક્રિશ્ચિયન ફાધર - કોઈ પણ હોય, એને બે હાથ જોડવાના અને એક પણ પૈસો સ્વીકારવાનો નહીં. મેં એકેય પૈસો લીધો નહોતો. તારે પણ નહીં લેવાનો, આપણી આ પ્રથા છે એ ચાલુ રાખજે અને એના વતી કોઈ પૈસા

આપે તોપણ નહીં લેવાના; એટલું જ નહીં, પણ બધા દર્દીની વચ્ચેથી સંતને પહેલાં લેવાના, કારણ કે એ આપણું ઉત્તરદાયિત્વ છે. એ સમાજને સાચવે છે, આપણે એને સાચવવાના.' મને કહેતાં એટલો આનંદ થાય છે કે ૩૨ વર્ષમાં મેં એક દિવસ પણ આ વચન તોડ્યું નથી. અને ૨. 'ગરીબ, વિધવા, દુઃખી વગેરે હોય એને હાથ લાંબો કરવો પડે એવું નહીં કરવાનું. આપણે જોઈ લેવાનું, સમજવાનું કે આ દુઃખી છે ? ૨૫ %, ૫૦ %, ૧૦૦ % જે આપણને અનુકૂળ લાગે એ આપણી રીતે ફી કરી દેવાનું. આ બે નિયમ રાખીશ તો ઉપરથી અનંત આશીર્વાદ તારી પર વરસશે ને તારી પ્રૅક્ટિસ ચાલશે. તારું કામ સીમાચિહ્નરૂપ બનશે આ મારા અંતરના આશીર્વાદ છે. This is what he said.'

અને પરિણામે ૫૦૦૦ જેટલા સંતો મારા હાથ નીચે આ રીતે સારવાર પામ્યા છે. અને એ પણ પ્રણામ કરીને બે હાથ જોડીને આનંદથી. ક્લિનિકના બધા માણસોને ખબર છે કે સાધુ-સંત આવે એટલે બધું બાજુ પર મૂકીને, જે ચાલુ છે એ પેશન્ટ જોઈને તરત એમને લઈ લેવાના. ઈમરજન્સી કોઈ સિરિયસ હોય તો એને લઈ લેવાના બાકી આ સાધુ-સંતને જ પહેલાં લેવાના...અને એ લોકોને સત્તા આપેલી છે કે બહાર ગરીબ કે દુઃખી હોય અને મારું ધ્યાન ન હોય તો કોઈ પણ જાતના ડિસ્ક્રિમિનેશન વગર એમને રાહત આપી જ દેવાની. એ જ કહે કે સાહેબ જુઓ તમારું ધ્યાન નહીં હોય પણ આ માણસને આપણે ઓછા કરવા પડશે. They can also do, or they will draw my attention ..... કેટલા આશીર્વાદો મળે... પૈસા આપે છે ભગવાન, નથી આપતા એવું નથી, સાચેસાચ તો મારી જરૂરિયાત કરતાં વધારે આપે છે.

કોવિડ સમયે ગરીબો, મજૂર સાથે બધાને જમાડવાથી માંડીને જે કંઈ જરૂરિયાત હોય બધી પૂરી કરવાની. અમુક સાધુ-સંતોને ખબર પડી તો એમણે ભેટ મોકલાવી કે, 'તું બેટા વાપર, અમને તારા પર ૧૦૦ % વિશ્વાસ છે, તું બધાને સાજા કરીશ.' એટલે તો કહું ને ઈશ્વર એટલો બધો દયાળુ છે કે પળે પળે એની હાજરી તમે જાણી શકો અને માણી શકો.



**(૨) શ્રી દલપત પઢિયાર :** નિવૃત્ત વરિષ્ઠ સરકારી અધિકારી, પણ એ તો એમની સ્થૂળ ઓળખ, પણ સૂક્ષ્મ ઓળખ એ કે દલપત પઢિયાર અંતર-યાત્રાના સાધક છે. તેઓ ઉત્તમ કવિ છે અને લોકઢાળનાં ગીતોના સર્જક છે. શ્રી રવિભાણ સંપ્રદાયની કહાનવાડીની જગ્યાના ગાદીપતિ છે. તેઓએ સંવાદમાં કેટલીક ઊંડાણભરી વાતો બહુ સહજતાથી પેશ કરેલ છે. આવો, દલપત પઢિયારની એક સ્પર્શીલી ઘટનાથી સંવાદનો માહોલ ઘડીએ.

મારી સાતમી પેઢીનો વડવો વીરદાજી. એ બધી રીતે પૂરો. બધાં અપકૃત્યો કરે. મોટી રાડ હતી એની.. વીરાનો બાપ એટલે અમારો સાતમી પેઢીનો વડવો નામે ભવાનદાસ, એ ભગત હતો. ભજન સિવાય એને કંઈ ગમે નહીં. શેરખી જે રવિભાણ સંપ્રદાયની પહેલી જગ્યા, એના સાધુ અમારે ત્યાં ગામમાં આવતા. એમની સાથે ભવાનદાસની બેઠકઊઠક એટલે એ ભગત. પણ વીરદાની સોબત જુદી. એણે પોતાનાં કુકર્મો કર્યે જ રાખેલાં. ભવાનદાસજીને થયું કે આ તો નહીં સુધરે, આનું શું કરવું ? હવે જીવીને શું કરવાનું, જ્યાં આવું બધું ઘરમાં થાય છે. એટલે ભવાનદાસજીએ અમારું જૂનું ઘર હતું તે ઘરમાં મોટી પાટડી, ત્યાં એક ફાંસો બાંધીને મરી જવાનો વિચાર કર્યો. તે જ દિવસે શેરખીના કોઈ મહારાજ, નામ યાદ નથી પણ દયાળદાસ કે એવું નામ હતું. તે ઘરે આવી પહોંચ્યા. ફાંસો ખાતા ભવાનદાસને અટકાવ્યા.

ભવાનદાસે મહારાજને કહ્યું કે, 'મારો દીકરો જો એનાં કૃત્યો ન છોડવાનો હોય તો મારો દેહ મારે રાખવો નથી, હું આ દેહ છોડી દઈશ. બેમાંથી એક જ વસ્તુ રહી શકે એ નક્કી છે.' ભવાનદાસ ભગતનો આ સંકલ્પ હતો... કંઈક જોગ હશે. દયાળદાસ મહારાજે વીરદાને બોલાવ્યો. તે દિવસે વીરદા ગામમાં પણ હતો. એ આવ્યો. એણે આવીને જોયું તો પોતાના પિતાના ગળામાં ફાંસો છે ને બાજુમાં સાધુ ઊભા છે. એને સાધુ સાથે કંઈ નિસબત નથી. પિતા પરનો પ્રેમ ઓછો નથી પણ સોબતને લઈને કુમાર્ગે વળેલો હતો. સાધુને પણ કોણ જાણે શું હિંમત જાગી હતી કે એ મોટી લાકડી રાખે, તે લાકડી વડે સાધુએ વીરદાને ખૂબ માર્યો. હવે આ તો વીરો ! એકસાથે દસને વધેરી નાખનારો બહારવટિયો. સાધુએ આટલો માર્યો પણ એ ઊભો જ રહ્યો. એ જ તો વાત છે કે જોગ હશે એ ઊભો રહ્યો. પછી કહે, 'શું છે ?' મહારાજે એને કહ્યું કે, 'જો આ તારા કર્મે તારો બાપ મરવાનો છે. તું નક્કી કરી લે આજે કે, તારે બાપ જોઈએ છે કે પાપ જોઈએ છે ? હવે તું નક્કી કરી લે.' અને સાહેબ, શું લાગ્યું તો એણે એ ફાંસલો પિતાના ગળામાંથી ઉતારીને પોતાના ગળામાં પહેરી લીધો. 'તમારે ના જવાનું હોય, જવાનું હોય તો મારે જવાનું હોય.' સાધુએ એ બેયને ઉતાર્યા. તે દિવસથી અમારા ઘરમાં દીવો છે. આજે હું સાતમી પેઢીનો એનો વારસ છું. આજે મોટું મંદિર છે. ગાદી છે અને રવિભાણ સંપ્રદાયની કહાનવાડીની આ ગાદીનો હું આજનો ઉત્તરાધિકારી છું.


આ જગ્યાનાં અઢીસો ગામ છે. અઢીસો ગામમાં અમે સાત પેઢીથી કામ કરીએ છીએ. અને કેટલાંક ગામ ૨૦૦૦ની તો કેટલાંક ૫૦૦૦ની વસ્તીવાળાં આખાં ને આખાં ગામ આ ગાદીનાં અનુયાયી છે. અઢીસો ગામમાં અમારા અનુયાયીઓ છે ને એ વિસ્તરતા ગયા છે. એ માણસે એટલે કે વીરદાજી મહારાજે પહેલવહેલું કુકર્મ છોડ્યું અને બીજે દિવસે ગામ પણ છોડેલું. એ ઘોડો રાખતા. અને ઘોડો લઈને નીકળ્યા ત્યારે સંકલ્પ કરેલો કે કંઈક જગાડીને જ મારા ગામમાં પાછો આવીશ.. કહાનવાડી છોડ્યા પછી સાંજ પડી ત્યારે જે ગામમાં એ પહોંચ્યા ત્યાં સંધ્યા ટાણે મંદિરે એક માતાજીને પશુબલિ,

પાડાઓનો ભોગ ધરાવવાનો વિધિ ચાલતો હતો. વીરદાજી માટે તો ગઈકાલનો જ બનાવ હતો. એ જઈને આડો ઊભો રહ્યો અને કહ્યું કે, 'આ બરાબર નથી એટલે કે આ ભોગ ન ધરાવાય.' ગામની વચ્ચે કહે છે કે આ બરાબર નથી અને આખી રાત ઊભો રહ્યો છે કે 'આની હત્યા નહીં થઈ શકે. હવે તમારે જે કરવું હોય એ કરો. એની જગ્યાએ તમે મને વધેરો તો વાંધો નથી. પણ આ પ્રાણીઓને છોડવાં પડશે.' સવાર સુધી આ બધું ચાલ્યું. છેવટે વીરદાજીએ કહ્યું કે તમારે ભોગ જ ધરાવવો હોય તો હું તૈયાર છું. એમ કહીને સાતેય પ્રાણીઓના ગળામાં પહેરાવેલા હાર જાતે પોતાના ગળામાં પહેરી લીધા અને પછી એ ભોગની જે જગ્યા હતી ત્યાં ઊભો રહ્યો. 'આ જીવો તો છૂટશે જ... તમે મારો વધ કરો.. તમારી વિધિ પૂરી થઈ જશે.' સવારની વેળાએ પેલાં સાતેય પ્રાણીઓને છૂટાં મૂકી દેવામાં આવ્યાં. સાતે પ્રાણીઓના ભોગના પ્રતીકરૂપ સુખડીનો પ્રસાદ વહેંચાયો. આજે પણ અહીં પશુબલિને સ્થાને સુખડીનો પ્રસાદ થાય છે. જનજાગૃતિ, જીવદયા, શિક્ષણ, વ્યસનમુક્તિ, અંધશ્રદ્ધાનિવારણ આદિ આ કામ આજે પણ અમે કરીએ છીએ.

**- ભદ્રાયુ વછરાજાની**

---


# શ્રી રાજેન્દ્ર શુક્લને વીર નર્મદ સાહિત્યગૌરવ પારિતોષિક



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ તરફથી આગામી ૨૪મી ઑગસ્ટે કવિ નર્મદના જન્મદિવસે શ્રી રાજેન્દ્ર શુક્લને વીર નર્મદ સાહિત્યગૌરવ પારિતોષિક એનાયત થશે. અનેકવિધ સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના પ્રણેતા, ૬૦ જેટલાં પુસ્તકોના લેખક અને મુંબઈના જાહેરજીવનના અગ્રણી ડૉ. હેમરાજ વી. શાહ તરફથી આ પારિતોષિક આપવામાં આવે છે. ગુજરાતી ગઝલના ઘડતર-વિકાસમાં નોંધપાત્ર પ્રદાન કરનાર કવિઓમાં શ્રી રાજેન્દ્ર શુક્લનું કાર્ય મહત્ત્વનું છે. ગુજરાતી ગઝલને લાક્ષણિક અર્થમાં આધ્યાત્મિક ગઝલ તરીકે ઉપસાવવામાં અને ઉઘાડવામાં એમણે વિધેયાત્મક પ્રદાન કર્યું છે. ગઝલની સિતારી અને ભજનના એકતારાની જુગલબંદીનો જાદુ એમણે એમની કવિતા દ્વારા આપણને બતાવ્યો છે. પદલાલિત્ય અને પદમાધુર્ય સાથે શબ્દાર્થનું ઔચિત્ય અને ઊંડાણ પણ ધ્વનિત થતાં હોય છે. આમ કવિ તરીકે એક અલગ અવાજ ધરાવનાર રાજેન્દ્ર શુક્લને ૨૪મી ઑગસ્ટે કવિ નર્મદના જન્મદિવસે શ્રી રઘુવીર ચૌધરીના હસ્તે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સભાગૃહમાં આ પારિતોષિક અર્પણ થશે.

# 'શ્રુત-સેવાની સુવાસ': ગ્રંથનું વિમોચન

## લેખક-જૈનચિંતક ગુણવંત બરવાળિયાને 'શ્રુત-સેવા' એવોર્ડ અર્પણવિધિ




ઘાટકોપરમાં વિદ્વાનો, વિવિધ સંસ્થાઓના શ્રેષ્ઠીઓ, લેખકો અને વિશાળ ચાહક વર્ગની ઉપસ્થિતિમાં 'શ્રુત-સેવાની સુવાસ' ગ્રંથનું વિમોચન થયું.

મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ દિલીપભાઈ શાહે સ્વાગત પ્રવચનમાં કહ્યું કે, ગુણવંતભાઈ બરવાળિયાનું અભિવાદન અમારા માટે આનંદ અને ગૌરવની ઘટના છે.

પ્રમુખસ્થાનેથી સોમનાથ તીર્થ અને ગુજરાત વિશ્વકોશ, અમદાવાદના ટ્રસ્ટી અને ગુજરાત રાજ્યના પૂર્વ ચીફ સેક્રેટરી શ્રી પ્રવીણભાઈ લહેરીએ કહ્યું કે, રવિશંકર મહારાજની 'ઘસાઈને ઊજળા થઈએ' એ ઉક્તિ ગુણવંતભાઈના જીવનમાં ચરિતાર્થ થઈ છે.

મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને જાણીતા સંતુરવાદક સ્નેહલ મુઝુમદારે સાહિત્યક્ષેત્રે ગુણવંતભાઈએ મેળવેલી ઉપલબ્ધિઓને બિરદાવવા શાર્દૂલવિક્રીડિત છંદમાં પહાડી બુલંદ છટામાં રચના પ્રસ્તુત કરી શાયર ઝવેરચંદ મેઘાણીનું સ્મરણ કરાવ્યું હતું.

કાઠિયાવાડ સ્થાનકવાસી જૈન સમાજ દ્વારા 'શ્રુત-સેવા' ઍવૉર્ડ અર્પણ કરતા સમાજના પ્રમુખ પ્રવીણભાઈ પારેખે જણાવ્યું હતું કે ગુણવંતભાઈ બરવાળિયાની અર્ધશતાબ્દીની સમાજ અને શ્રુતની વિવિધ સેવાઓ બદલ આ ઍવૉર્ડ અર્પણ કરતાં આનંદ અનુભવીએ છીએ.

ગ્રંથના સંપાદકો ડૉ. અભય દોશી અને 'પ્રબુદ્ધ જીવન'નાં તંત્રી ડૉ. સેજલ શાહે ગ્રંથની વિગતો આપી હતી. ૩૬ લેખકોએ ગુણવંતભાઈના પુસ્તકોની 'ગ્રંથ વિમર્શ'માં સમીક્ષા કરી છે. ૩૨ જેટલા વિદ્વાનોએ તેમણે યોજેલાં પચીસ જ્ઞાનસત્રો, જૈન વિશ્વકોશ અને જૈન ઇતિહાસ ગ્રંથશ્રેણી અંગે પોતાના પ્રતિભાવો આપ્યા છે. ગ્રંથના 'સંશોધન મંજૂષા' વિભાગમાં વિવિધ વિષયના નિષ્ણાત વિદ્વાનોના તેર શોધપત્રોનો સંચય 'શ્રુત-સેવાની સુવાસ' પર કલગી ચઢાવે છે જે સંશોધકો અને અભ્યાસુઓ માટે અમૂલ્ય ઉપહાર સમાન છે.

ગુણવંતભાઈએ સમાપનમાં જણાવ્યું કે, મારા સર્જનને બિરદાવ્યું છે, સાથે મર્યાદાઓ પ્રત્યે અંગુલિનિર્દેશ કરતા રહેશો તો આનંદ થશે. જહૉની શાહ અને અન્ય કલાકારોએ ગુણવંતભાઈની આધ્યાત્મિક રચનાઓ પ્રસ્તુત કરી હતી.

## આગામી કાર્યક્રમો

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

### ( ઑનલાઇન કાર્યક્રમો )

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલન દ્વારા યોજાયેલા ‘અસ્મિતા વિશેષ સંવાદ’માં શ્રી ભદ્રાયુ વછરાજાનીનો નીચેની વ્યક્તિઓ સાથે સંવાદ.

◈ **૯ ઑગસ્ટ, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**
ડૉ. સુધીર શાહ (સમયમર્યાદા : ૧ કલાક, ૨૨ મિનિટ)

◈ **૨૩ ઑગસ્ટ, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**
શ્રી દલપત પઢિયાર (સમયમર્યાદા : ૨ કલાક, ૦૪ મિનિટ)

### ( ઑફલાઇન કાર્યક્રમો )

### માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

◈ **૧૨ ઑગસ્ટ, ૨૦૨૩, શનિવાર : સાંજના ૫-૦૦**
વિષય : ભાષાશુદ્ધિ વર્ગ
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર

◈ **૨૬ ઑગસ્ટ, ૨૦૨૩, શનિવાર : સાંજના ૫-૦૦**
વિષય : ભાષાશુદ્ધિ વર્ગ
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર

### શિક્ષણવિદ શ્રી કંચનભાઈ પરીખ વ્યાખ્યાનશ્રેણી

◈ **૨૩ ઑગસ્ટ, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**
વિષય : પત્રકારત્વની નવી ક્ષિતિજો
વક્તા : શ્રી હરિ દેસાઈ

### વીર નર્મદ સાહિત્યગૌરવ પારિતોષિક અર્પણ સમારોહ

◈ **૨૪ ઑગસ્ટ, ૨૦૨૩, ગુરુવાર : સાંજના ૫-૩૦**

કવિ નર્મદના જન્મદિવસે કવિ શ્રી રાજેન્દ્ર શુક્લને ‘વીર નર્મદ સાહિત્યગૌરવ પારિતોષિક’ શ્રી રઘુવીર ચૌધરીના હસ્તે એનાયત થશે.


### આસ્વાદ

◈ **૨૦ ઑગસ્ટ, ૨૦૨૩, રવિવાર : સવારના ૧૦-૦૦**

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં ‘ગુજરાતી રેખાચિત્રો’ વિશે જાણીતા કવિ, સાહિત્યકાર શ્રી હર્ષદ ત્રિવેદીનું વક્તવ્ય.



‘વિશ્વા’ પ્રવૃત્તિના ઉપક્રમે જિગીષા ત્રિવેદીલિખિત અને દિગ્દર્શિત ‘વાતનું વતેસર’માં
અર્ચન ત્રિવેદી, જિગીષા ત્રિવેદી અને નવીન રાવલ



‘આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ તથા
ભવિષ્યની દિશાઓ’ વિશે સંજય ચૌધરી




હસમુખ બારાડીલિખિત અને જનક રાવલદિગ્દર્શિત
‘પેઇનફુલી કનેક્ટેડ’ નાટકનું એક દૃશ્ય. કલાકાર : અંકિત પટેલ, ઉર્વશી શ્રીમાળી

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/4459. postal Regd. No. GAMC 1375 2021-23 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2023. License to post without Prepayment No. PMG/NG/111/2021-2023. valid upto 31/12/2023. Posted at Ahd PSO On 5th every month.


ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ


# સામયિક-સૃષ્ટિ




છેલ્લાં ૨૫ વર્ષથી સાહિત્ય, સંગીત, સ્થાપત્ય, પ્રવાસ, હાસ્ય, વિજ્ઞાન, ટેક્નોલોજી, કલા, પ્રતિભા, સાંપ્રત પ્રવાહો તેમજ વર્તમાન સમયના પ્રચલિત વિષયોને તજ્જ્ઞો દ્વારા પ્રસ્તુત કરતું વિશ્વકોશનું સામયિક.

**વિશ્વવિહાર**


**વાર્ષિક લવાજમ : રૂ. ૧૫૦/-,**
**ત્રણ વર્ષ : રૂ. ૪૦૦/-**




છેલ્લાં ૩૩ વર્ષથી દેશ અને વિદેશના સર્જકોની સાહિત્યકૃતિ પ્રગટ કરનારું અને ગુજરાતી ભાષી પ્રજાની વૈશ્વિક ચાહના મેળવનારું શિષ્ટ અને સંસ્કારી સાહિત્યનું ત્રૈમાસિક.

**ગુર્જરી ડાયજેસ્ટ**

**ત્રણ વર્ષનું લવાજમ : રૂ. ૫૦૦/-**




પ્રસિદ્ધ લેખિકા ધીરુબહેન પટેલની ભાવનાને અનુલક્ષીને પ્રગટ થતું, નારી સર્જકતાને સંકોરતું સાહિત્ય, જ્ઞાન અને કળાનું વિશિષ્ટ ત્રૈમાસિક.

**વિશ્વા**

**વાર્ષિક લવાજમ : રૂ. ૨૦૦/-**

**આ ક્યૂ આર કોડ સ્કેન કરવાથી 'વિશ્વવિહાર'માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું 'વિશ્વવિહાર' દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.**